RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા વદ -૬ શનિવાર, તા.૦૭-૦૨-૨૦૨૬ અંક : ૧૮૩ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮







# PoK ભારતનો હિસ્સો છે, અમેરિકાએ પણ સ્વીકાર્યું

## PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે, નક્શો જોઈ શાહબાઝ-મુનીરની ઊંઘ હરામ

નવીદિલ્હી,

અમેરિકા તરફથી પાકિસ્તાન માટે માઠા સમાચાર આવ્યા છે. અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલ માટેનું ફ્રેમવર્ક જાહેર કર્યું છે, પરંતુ આનાથી પાકિસ્તાનની ચિંતામાં મોટો વધારો થયો છે. સવાલ એ છે કે, અમેરિકાએ એવું તો શું કર્યું કે શહબાઝ શરીફ અને આસિમ મુનીરની ઊંઘ ઉડી ગઈ? હકીકતમાં, અમેરિકાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoK ને ભારતનો હિસ્સો માન્યો છે. ભારત હંમેશા માનતું આવ્યું છે કે, PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે. અમેરિકાએ જે નકશો જાહેર કર્યો છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે અને PoK ભારતનો જ ભાગ છે.


અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસ (USTR) એ ભારત-અમેરિકાના નવા વચગાળાના ટ્રેડ એગ્રીમેન્ટની માહિતી આપતી વખતે જે નકશાનો ઉપયોગ કર્યો છે, તેને જોઈને પાકિસ્તાની શાસકો ચોંકી ગયા છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલા નકશામાં સમગ્ર કાશ્મીરને ભારતનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. આ નકશા મુજબ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) પણ ભારતમાં સામેલ છે. આ નકશામાં ન તો કોઈ લાઈન ઓફ કંટ્રોલ (LoC) છે કે ન તો કોઈ વિવાદિત વિસ્તાર; બધું જ સ્પષ્ટપણે ભારતનું બતાવવામાં આવ્યું છે.

હકીકતમાં, USTR એ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્ક સાથે જોડાયેલી એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં અમેરિકન ઉત્પાદનો (જેમ કે ડ્રાય ફ્રૂટ્સ, ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ફળો વગેરે) માટે ભારતમાં નવા બજાર ખુલવાની વાત હતી. અમેરિકાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'ટ્રી નટ્સ અને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેનથી લઈને લાલ જુવાર અને તાજા તથા પ્રોસેસ્ડ ફળો સુધી, અમેરિકા-ભારત સમજૂતી અમેરિકન ઉત્પાદનો માટે નવા માર્કેટ એક્સેસ આપશે.' પરંતુ આ પોસ્ટ સાથે જોડાયેલા નકશાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં PoK ને ભારતનો ભાગ બતાવવામાં આવ્યો છે.

અમેરિકા તરફથી જાહેર કરવામાં આવેલો આ નકશો માત્ર એક તસવીર નથી, પરંતુ અમેરિકાની બદલાતી વિચારધારાનો મોટો સંકેત છે. ભારત હંમેશા કહેતું રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો આખો વિસ્તાર ભારતનો અભિન્ન અંગ છે. જેમાં PoK અને ગિલગિટ-બાલ્ટિસ્તાન પણ સામેલ છે. હવે અમેરિકાના સત્તાવાર એકાઉન્ટ પરથી આવો નકશો આવવાનો અર્થ એ છે કે, વોશિંગ્ટન ભારતની વાત સ્વીકારી રહ્યું છે. આ એવો સંકેત પણ છે કે, અમેરિકા હવે PoK ના મુદ્દે તટસ્થ નથી. આ બાબત તાજેતરમાં થયેલી ભારત-અમેરિકા ટ્રેડ ડીલની સાથે સામે આવી છે. બંને દેશોએ ટેરિફ ઘટાડવા અને ટ્રેડ ડીલના ફ્રેમવર્ક પર સહમતિ સાધી છે.

# ભારતે અગ્નિ-૩ બેલિસ્ટિક મિસાઈલનું કર્યું સફળ પરીક્ષણ

## અગ્નિ-૩ વિશ્વની સૌથી શક્તિશાળી મધ્યમ-અંતરની મિસાઈલોમાંની એક, ભારતની સંરક્ષણ ક્ષમતા માટે મહત્વપૂર્ણ



ચાંદીપુર,

ભારતે શુક્રવારે ઓડિશાના ચાંદીપુરથી અગ્નિ-૩ બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણો અપેક્ષા મુજબ પૂર્ણ થયા હતા. મિસાઈલનું પ્રક્ષેપણ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.અગ્નિ-૩ એ પરમાણુ ક્ષમતા ધરાવતી મિસાઈલ છે. જે આશરે ૩૦૦૦ થી ૩૫૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. જે ભારતને દુશ્મનના દેશમાં અંદર સુધી મુખ્ય લક્ષ્યોને પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.

અગ્નિ-૩ ની ૩૦૦૦ થી ૩૫૦૦ કિમીની રેન્જ પાકિસ્તાન અને ચીનના આંતરિક ભાગોને આવરી લે છે. જેમાં પાકિસ્તાનના તમામ મુખ્ય શહેરો અને બેઈજિંગ અને શાંઘાઈ જેવા ચીનના શહેરોનો સમાવેશ થાય છે. આમ ભારત બંને દેશોમાં મુખ્ય લક્ષ્યો ધરાવે છે જે તેની પહોંચમાં છે. આ મિસાઈલ ચીન કરતાં પાકિસ્તાન માટે વધુ ચિંતાનો વિષય છે. અગ્નિ-૩ ને વિશ્વની સૌથી શક્તિશાળી મધ્યમ-અંતરની મિસાઈલોમાંની એક માનવામાં આવે છે.

અગ્નિ-૩ ભારતની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. જે બે તબક્કાની ઈંધણવાળી મિસાઈલ છે. જેની લંબાઈ ૧૬.૭મીટર, વ્યાસ ૨ મીટર અને પ્રક્ષેપણ વજન ૪૮,૩૦૦ કિલોગ્રામ છે. જે પરમાણુ અથવા પરંપરાગત શસ્ત્રો સહિત ૧૫૦૦ કિલોગ્રામ સુધીનો પેલોડ વહન કરી શકે છે. તેની ઉડાન ઊંચાઈ ૪૫૦ કિલોમીટરથી વધુ છે. DRDO દ્વારા વિકસિત મિસાઈલને રેલ-મોબાઈલ અને રોડ-મોબાઈલ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે. તેની ચોકસાઈ અદ્યતન નેવિગેશન અને માર્ગદર્શન પ્રણાલીઓમાંથી આવે છે. વર્ષ ૨૦૦૬ થી તે ઘણા સફળ પરીક્ષણોમાંથી પસાર થઈ ચૂકી છે. ભારતની સંરક્ષણ ક્ષમતા માટે મહત્વપૂર્ણ છે.

# ટ્રમ્પે ભારત પર દંડરૂપે લગાવેલો ૨૫% ટેરિફ હટાવ્યો, ટ્રેડ ડીલનું માળખું જાહેર



નવીદિલ્હી,

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા વ્યાપારી તણાવનો આખરે અંત આવ્યો છે. શનિવારે વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, બંને દેશો વચ્ચે એક વચગાળાના વ્યાપાર કરાર પર સહમતી સધાઈ છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા વ્યૂહાત્મક યુગની શરૂઆત માનવામાં આવે છે. આ સમજૂતીમાં સૌથી મહત્ત્વનું એ છે કે પ્રમુખ ટ્રમ્પે એ કાર્યકારી આદેશ પર સહી કરી દીધી છે જે હેઠળ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાને કારણે ભારત પર લગાવેલો ૨૫% ટેરિફર રદ કરી દેવામાં આવ્યો છે. કરાર હેઠળ હવે અમેરિકા ભારત પાસેથી ફક્ત ૧૮% ટેરિફ વસૂલશે.

આ કરાર હેઠળ ખાસ કરીને ફૂટવેર અને લેધર ઈન્ડસ્ટ્રીને મોટી રાહત મળી છે. ૧૮% ટેરિફના નવા નિયમથી વૈશ્વિક બજારમાં ભારતીય જૂતા અને ચામડાની વસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લાદવામાં આવેલા વધારાના શુલ્ક પણ પાછા ખેંચવામાં આવ્યા છે. આ રાહત બાદ ભારતીય ઉત્પાદનો હવે વિયેતનામ અને ચીન કરતા અમેરિકી બજારમાં વધુ સસ્તા અને સુલભ બનશે.

# આજથી T20 વર્લ્ડ કપનો થશે પ્રારંભ

## પ્રથમ દિવસે ત્રણ મેચ, વાનખેડેમાં ભારત-અમેરિકા વચ્ચે ટક્કર



મુંબઈ,

આજથી ક્રિકેટના સૌથી ટૂંકા અને રોમાંચક ફોર્મેટ એવા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો શંખનાદ થવા જઈ રહ્યો છે. ભારત અને શ્રીલંકાની યજમાનીમાં રમાનારા આ મહાકુંભમાં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ વખતે મેદાન પર રમાનારી મેચોની સાથે-સાથે મેદાનની બહારની રાજનીતિ અને વિવાદો પણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આ વખતે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં પોતાનો ખિતાબ બચાવવા મેદાનમાં ઉતરશે.

વર્લ્ડ કપના પ્રથમ દિવસે ક્રિકેટ પ્રેમીઓને ત્રણ મેચનો ડોઝ મળશે. ઉદ્ઘાટન મેચ સવારે ૧૧ વાગ્યે કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. ત્યારબાદ બપોરે ૩ વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઈન્ડિઝ અને સ્કોટલેન્ડ વચ્ચે ટક્કર થશે. દિવસની સૌથી લોકપ્રિય મેચ સાંજે ૭ વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે, જ્યાં યજમાન ભારત અને અમેરિકાની ટીમો આમને-સામને હશે.

# પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ભયાનક બ્લાસ્ટ, ૩૧ના મોત

## ૧૬૦થી વધુ લોકો ઘાયલ, ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદના તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજત-ઉલ-કુબરામાં ભયાનક બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ બાદ આખા વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે.

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાજ દરમિયાન એક શિયા મસ્જિદ (ઈમામ બારગાહ)ની બહાર થયેલા બોમ્બ બ્લાસ્ટે આખા શહેરને હચમચાવી દીધું છે. તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજાત-ઉલ-કુબરા ખાતે થયેલા આ બ્લાસ્ટ પછી ચારેકોર ચીસા-ચીસો થઈ રહી હતી. સ્થાનિક મીડિયા અનુસાર, આ બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયાં છે, જ્યારે ૧૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે.જ્યારે આ બ્લાસ્ટ થયો, ત્યારે મસ્જિદમાં નમાજ માટે મોટી સંખ્યામાં લોકો હાજર હતા, જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. પોલીસ, રેસ્ક્યુ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આખા વિસ્તારને સીલ કરીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# ઉત્તરાખંડ- નેપાળ સરહદ નજીક અકસ્માતમાં ૧૩ લોકોના મોત

પિથોરાગઢ,

ઉત્તરાખંડ-નેપાળ સરહદ નજીક એક ભયાનક અકસ્માત થયો છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત થયા છે અને ૩૪ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના લગ્નના જાનૈયાઓને લઈ જતી બસ કાબુ બહાર થતા સર્જાઈ હતી. તેમજ તે ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત નેપાળના બૈતાડી જિલ્લાના પુરચૌરી-૭ વિસ્તાર નજીક થયો હતો. જે ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં ઝુલાઘાટ સરહદને અડીને આવેલો છે. આ અંગે મળતી માહિતી મુજબ બસ ઓવરલોડ હતી. તેમજ અકસ્માતનું સાચું કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે.

આ બસ જાનૈયાઓને લઈને બૈતાડીથી બજંગ જઈ રહી હતી. જે બસે ગુરુવારે મોડી રાત્રે બૈતાડીના પુરચુની નગરપાલિકાના ૭ ભવાન ગામથી સુનકુડા નજીક બડગાંવ વળાંક પર નિયંત્રણ ગુમાવ્યું હતું અને લગભગ ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી.

# અમેરિકા-ઈરાન વચ્ચેની બેઠક 'ફેલ' થતાં ટ્રમ્પે નવા પ્રતિબંધ ઝીંક્યા

## ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'નીતિ હેઠળ લેવાયેલા નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું

તહેરાન,

ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને ઓમાનની રાજધાની મસ્કતમાં બંને દેશો વચ્ચે ચાલેલી પરોક્ષ વાતચીત હજુ માંડ પૂરી થઈ હતી, ત્યાં જ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ કડક તેલ પ્રતિબંધોની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન તેલની કમાણીનો ઉપયોગ દુનિયામાં અસ્થિરતા ફેલાવવા અને પોતાના દેશમાં લોકોનું દમન કરવા માટે કરે છે, તેથી તેના તેલ નિકાસને રોકવુ જરૂરી છે. ડોનાલ્ડ ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'(મહત્તમ દબાણ) નીતિ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું જોવા મળી રહ્યું છે.આ નવા પ્રતિબંધોમાં અમેરિકાએ ઈરાની તેલ વહન કરતા ૧૪ જહાજોને નિશાન બનાવ્યા છે, જેમાં તૂર્કીયે, ભારત અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)ના ધ્વજ ધરાવતા જહાજોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૫ કંપનીઓ અને ૨ વ્યક્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે આ જહાજો કે સંસ્થાઓ સાથેનો કોઈપણ વ્યવહાર અમેરિકન કાયદા મુજબ ગેરકાયદેસર ગણાશે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસન ઈરાનના ગેરકાયદે તેલ અને પેટ્રોકેમિકલ નિકાસને રોકવા માટે મક્કમ છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઓમાનની વાતચીતને હકારાત્મક ગણાવી હતી, પરંતુ અમેરિકાએ વાતચીતની સાથે દબાણ ચાલુ રાખવાની પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈરાનમાં ચાલી રહેલા આંતરિક વિરોધ પ્રદર્શનો અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠા પાસે સૈન્ય હાજરી પણ વધારી દીધી છે. નિષ્ણાતો માને છે કે અમેરિકા એક તરફ રાજદ્વારી માર્ગ ખુલ્લો રાખીને બીજી તરફ આર્થિક અને સૈન્ય રીતે ઈરાનને ઘૂંટણિયે લાવવા માંગે છે.

# ચેક રિટર્ન થાય તો તુરંતજ ઓનલાઈન ચૂકવણી કરી કેસનો નિકાલ થઈ શકશે

## ઓનલાઈન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી

અમદાવાદ,

ચેક બાઉન્સના કેસોના ભરાવાને લઈ તેના ઝડપી નિકાલ અને ત્વરિત ન્યાયની અનોખી પહેલના ભાગરૂપે આજથી ચેક રિટર્નની તમામ ૨૫ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના કેસોમાં ઓનલાઈન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ અમદાવાદની ચેક રિટર્નની કોર્ટોમાં આ નવી પધ્ધતિ લાગુ કરવામાં આવી છે. જેને લઈને હવે જે તે પક્ષકારો તેમના પેમેન્ટના વિવાદ કે તકરારમાં તાત્કાલિક ક્યુઆર કોડ સ્કેન કરી તરત જ પેમેન્ટ કરી શકશે, જેના કારણે કેસોનો સ્થળ પર જ ઝડપી નિકાલ શક્ય બનશે.

ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ શહેરના તાબાની ચેક રિટર્નની તમામ કોર્ટોમાં આ નવતર સીસ્ટમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ઈલેશ વોરાના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવી છે. ચેક રિટર્નના પડતર લાખો કેસોના ઝડપી નિકાલમાં આ નવી સીસ્ટમથી ઘણી મદદ મળી રહેશે. ચેક રિટર્નના કેસોમાં ઓનલાઈન ચૂકવણીની નવી સુવિધાના વિકલ્પ અંગે વાસ્તવમાં સુપ્રીમકોર્ટે એક ચુકાદામાં નિર્દેશ આપ્યા હતા, જેમાં તમામ જિલ્લા અદાલતોને સમન્સના તબક્કે જ આરોપીને ચેકની રકમ ઓનલાઈન ભરપાઈ કરવાનો વિકલ્પ આપવા પણ નિર્દેશ અપાયો હતો કે જેથી વેળાસર કેસમાં સમાધાન અને તેના નિકાલની પ્રક્રિયા ઝડપી શક્ય બને.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાએ

# છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક ઓળખ અપાવી

**છારીઢાંઢનાં જળપ્લાવિત વિસ્તારને જોવા માટે બાવનથી વધુ દેશોના વિદેશી પ્રવાસીઓની અત્રેની નિયમિત મુલાકાત વન અને પર્યાવરણ મંત્રીઅર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને છારીઢાંઢને મળેલું વૈશ્વિક રામસર સાઈટનુ પ્રમાણપત્ર વિધિવત અર્પણ કર્યુ**





ગાંધીનગર,તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાના પરિણામે કચ્છના છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તારોમાં (રામસર સાઈટ)સ્થાન મળ્યું છે.છારીઢાંઢ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે 'રામસર સાઈટ' (આંતરરાષ્ટ્રીય મહત્વનું ધરાવતો જળપ્લાવિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવ્યું અને એ સાથે જ ભારતની જળપ્લાવિત વિસ્તારોનાં સંરક્ષણની યાત્રામાં નવું છોગુ ઉમેરાયું. વન વિભાગ તરફથી વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને છારીઢાંઢને મળેલા વૈશ્વિક રામસર સાઈટનાં પ્રમાણપત્રને વિધિવત રીતે અર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ સિદ્ધિ બદલ મંત્રી અને સમગ્ર વન વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે છારીઢાંઢ ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તાર તરીકે 'રામસર' સાઈટનું પ્રમાણપત્ર મળ્યું છે. છારીઢાંઢ રણ અને ઘાસનાં મેદાનોની વચ્ચે આવેલો જળપ્લાવિત વિસ્તાર છે, જ્યાં દર વર્ષે હજારો પ્રવાસી પક્ષીઓ આવે છે. તેમાં વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) પક્ષીનો સમાવેશ થાય છે. અહીં મહત્વની વાત નોંધવી રહી કે, વર્ષ ૨૦૦૮માં, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ છારીઢાંઢને ગુજરાતનું પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું અને તેના સરંક્ષણ માટે જરૂરી તમામ પગલાઓ લેવામાં આવ્યા અને આજે તેના ફળસ્વરૂપે, છારીઢાંઢને વૈશ્વિક ઓળખ મળી. છારીઢાંઢ વિશ્વભરના પક્ષીપ્રેમીઓ અને સંશોધકો માટે પસંદગીનું સ્થળ બની ગયું છે.

વિવિધ દેશોનાં પ્રવાસીઓને ભારતમાં લાવવા માટે કામ કરતા ટૂર ઓપરેટર્સ અને પક્ષિવિજ્ઞાનીઓનાં જણાવ્યા મુજબ, છાંરીઢાંઢમાં આવતા કુલ પ્રવાસીઓમાં ૮૦ ટકાથી વધુ પ્રવાસીઓ વિદેશથી આવે છે. વિદેશથી આવતા પ્રવાસીઓમાં મુખ્યત્વે અમેરિકા, ઈંગ્લેન્ડ, અને ઓસ્ટ્રેલિયા તથા ફિનલેન્ડ, હોલેન્ડ, નેધરલેન્ડ જેવાં નોર્ડિક દેશોનાં પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

અત્યાર સુધી બાવન (૫૨)થી વધુ દેશોનાં પ્રવાસીઓ છારીઢાંઢની મુલાકાત લઈ ચુક્યા છે અને આ દેશોમાંથી નિયમીતરીતે આ વિસ્તારની જૈવવિવિધતા જોવા માટે અહીં આવે છે.

છારીઢાંઢનો જળપ્લાવિત વિસ્તાર પક્ષી નિરીક્ષકો માટે મહત્વનું સ્થળ છે. કેમ કે, અહીંયા એક સાથે બે લાખથી વધુ પક્ષીઓ જોવા મળી જાય છે અને ૧૮૭થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ અહીં નોંધાયા છે. ખાસ કરીને એક જ સ્થળે ૪૦,૦૦૦થી વધુ કુંજ (કોમન ક્રેન) પક્ષીઓ જોવા મળે છે.

છારીઢાંઢની આસપાસ કુલ ૨૮૩ પ્રજાતિનાં પક્ષીઓ નોંધાયા છે, જેમાં ૧૧ વૈશ્વિક સ્તરે જોખમગ્રસ્ત અને ૯ 'નિયર થ્રેટન્ડ' પ્રજાતિનાં પક્ષીઓનો સમાવેશ થાય છે, જે તેના ઊંચા સંરક્ષણ મૂલ્યને દર્શાવે છે.

કોઈપણ જળપ્લાવિત વિસ્તારને રામસર સાઈટનો દરજ્જો મેળવવતા માટે તેનાં કેટલાક માપદંડોમાંથી પસાર થવું પડે છે. રામસર સાઈટ બનવા માટે જળપ્લાવિત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત નવ માપદંડોમાંથી ઓછામાં ઓછો એક માપદંડ પૂર્ણ કરવો જરૂરી હોય છે. આ માપદંડોને બે મુખ્ય શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે— પ્રતિનિધિત્વ કરતા, દુર્લભ અથવા અનોખા જળપ્લાવિત પ્રકારો અને જૈવ વિવિધતા આધારિત માપદંડો. છારીઢાંઢે તેના દુર્લભ જળપ્લાવિત વિસ્તાર,ઊંચી જૈવ વિવિધતા અને સેન્ટ્રલ એશિયન ફ્લાયવે પર પ્રવાસી પક્ષીઓ માટે મહત્વપૂર્ણ નિવાસસ્થાન હોવાને કારણે રામસર સાઈટનાં માપદંડો પૂર્ણ કર્યા છે.ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) જેવા દુર્લભ અને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા શિયાળુ પ્રવાસી પક્ષીઓ માટે છારીઢાંઢ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું છે, સાથે જ અનેક અન્ય જોખમગ્રસ્ત અને સ્થાનિક રીતે મહત્વપૂર્ણ જાતિઓ પણ અહીં જોવા મળે છે.

## સરકાર દ્વારા લેવામાં આવેલા વન્ય જીવોના સંરક્ષણ માટેના પગલા

જૈવિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૦૮માં છારીઢાંઢને કન્ઝર્વેશન રિઝર્વ તરીકે જાહેર કર્યું હતું. રાજ્યનું આ પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ હતું. આજે છારીઢાંઢ કચ્છ જિલ્લામાં સર્વાધિક પક્ષી વૈવિધ્ય ધરાવતું સ્થળ છે, જ્યાં ૧૮૭ પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળ્યાં છે. જે રાજ્યની કુલ પક્ષી વૈવિધ્યતાના ૩૫ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. માત્ર એપ્રિલ ૨૦૨૫માં જ આશરે ૫૦૦થી ૬૦૦ ગ્રે હાયપોકોલિયસ પક્ષીઓ અહીં જોવા મળ્યા હતા. છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તાર ૨૨,૭૦૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તે૧૨ ગામોને આરી લે છે.

## સબરીમાલા સોનાની ચોરી કેસમાં ઈડીએ અભિનેતા જયરામને સમન્સ મોકલ્યું

### કેસના કથિત મુખ્ય આરોપી ઉન્નીકૃષ્ણન પોટીને પણ સમન્સ પાઠવવાની તૈયારી

કોચ્ચી,

સબરીમાલા સોનાની ચોરી કેસમાં તપાસ ચાલુ છે. અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ચોરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે અભિનેતા જયરામને સમન્સ મોકલ્યા છે. એજન્સી આ કેસના કથિત મુખ્ય આરોપી ઉન્નીકૃષ્ણન પોટીને પણ સમન્સ પાઠવવાની તૈયારી કરી રહી છે. કોલ્લમ કોર્ટ દ્વારા આ જ કેસમાં જામીન મળ્યા બાદ તે તાજેતરમાં જેલમાંથી બહાર આવ્યો હતો. કેરળ પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પણ આ મામલાની તપાસ કરી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે અભિનેતા જયરામને સબરીમાલા કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. આગામી થોડા દિવસોમાં તે એજન્સી સમક્ષ હાજર થશે.

## બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જમ્મુ - કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશોમાં વરસાદ આગાહી

### ગુજરાત સહિત ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા માટે એલર્ટ જાહેર

અમદાવાદ,

ગુજરાત સહિત ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા માટે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એલર્ટ જાહેર કર્યુ હતું. ઉત્તર ભારતમાં હવામાન ફરી એકવાર બદલાવાનું છે. ઠંડી વચ્ચે, એક નવો જ હવામાનનો ખેલ જોવા મળી શકે છે. હવામાન વિભાગે ચેતવણી જાહેર કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે એક નહીં, પરંતુ બે પશ્ચિમી વિક્ષેપો સક્રિય થવાના છે. તેમની અસર ઘણા રાજ્યોમાં અનુભવાશે. કેટલીક જગ્યાએ તેજ પવન ફૂંકાશે અને ગાઢ ધુમ્મસ અન્ય સ્થળોએ લોકોની મુશ્કેલીઓમાં વધારો કરશે. પર્વતીય રાજ્યોમાં ભારે વરસાદ અને હિમવર્ષાની અપેક્ષા છે. હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમી હિમાલયના પ્રદેશોમાં હવામાન ૭ ફેબ્રુઆરીએ અને પછી ફરીથી ૯ થી ૧૧ ફેબ્રુઆરી વચ્ચે સંપૂર્ણપણે બદલાઈ શકે છે.

મધ્યપ્રદેશની સરહદે આવેલા ગુજરાતના વિસ્તારો પશ્ચિમી વિક્ષેપથી પ્રભાવિત થશે. આમાં દાહોદ, પંચમહાલ અને નર્મદા જેવા જિલ્લાઓનો સમાવેશ થાય છે. અંબાલાલ પટેલે આગાહી કરી હતી કે, ૨૦ ફેબ્રુઆરી પછી ગુજરાતમાં શિયાળો વિદાય લઈ શકે છે. નોંધનીય છે કે, ગુજરાત પાસે લાંબો દરિયાકિનારો છે. પરિણામે, દરિયાઈ ગતિવિધિઓ રાજ્યના આશરે ૧૦ જિલ્લાઓને અસર કરી રહી છે.

બે પશ્ચિમી વિક્ષેપોની અસર મેદાની વિસ્તારોમાં પહોંચશે. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં ધુમ્મસ અને ઠંડા પવનો લોકોને મુશ્કેલીમાં મૂકી શકે છે. દિલ્હી-એનસીઆરમાં આંશિક વાદળછાયું આકાશ અને તેજ સપાટી પર પવન ફૂંકાય તેવી શક્યતા છે. ઘણા રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ઘટી શકે છે. હવામાન વિભાગે સ્પષ્ટતા કરી છે કે આગામી થોડા દિવસો ઉત્તર ભારત માટે પડકારજનક હોઈ શકે છે. ખાસ કરીને સવાર અને રાત્રિના સમયે લોકોએ વધુ સાવચેત રહેવાની જરૂર પડશે.

આઈએમડી મુજબ, બે પશ્ચિમી વિક્ષેપ જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશોમાં સૌથી વધુ જોવા મળશે. આ રાજ્યોમાં વરસાદ અને ભારે હિમવર્ષા થવાની સંભાવના છે.

## આતંકવાદીઓની ઘૂસણખોરી, હથિયારો અને ડ્રગ્સની દાણચોરી અટકાવવા માટે સરહદ વ્યવસ્થાપન મજબૂત

કઠુઆ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પરના આગળના વિસ્તારોની મુલાકાત લીધી. આ તેમની જમ્મુ અને કાશ્મીરની બે દિવસીય મુલાકાતની શરૂઆત છે.

ગૃહમંત્રીએ હીરાનગર સેક્ટરમાં ગુરનામ અને બોબિયાન સરહદ ચોકીઓની મુલાકાત લીધી અને સરહદની રક્ષા કરતા બોર્ડર સિક્યુરિટી ફોર્સના કર્મચારીઓ સાથે વાતચીત કરી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ મુલાકાતનો હેતુ આતંકવાદીઓની ઘૂસણખોરી અને હથિયારો અને ડ્રગ્સની દાણચોરી અટકાવવા માટે સરહદ વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવાનો હતો.

છેલ્લા બે અઠવાડિયામાં, કઠુઆ, ઉધમપુર અને કિશ્તવાડ જિલ્લામાં કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ચાર કુખ્યાત જૈશ-એ-મોહમ્મદ આતંકવાદીઓની હત્યાનો પણ સમાવેશ થાય છે.

અમિત શાહ ગુરુવારે રાત્રે જમ્મુ પહોંચ્યા હતા, જ્યાં તેમનું રાજ્યપાલ મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ભાજપના વરિષ્ઠ નેતાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

કઠુઆમાં, ગૃહમંત્રીએ બોબિયાનમાં સરહદ સુરક્ષા કર્મચારીઓ માટે છ કલ્યાણકારી યોજનાઓનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. વધુમાં, આજે તેઓ જમ્મુના લોકભવન ખાતે ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે અને કેટલાક આતંકવાદી પીડિતોના પરિવારોને કરુણાપૂર્ણ નિમણૂક પત્રોનું વિતરણ કરશે. શનિવારે, ગૃહમંત્રી જમ્મુ અને કાશ્મીરના વિકાસ અંગે એક બેઠકની અધ્યક્ષતા કરશે.

## મેં ભારત અને પાકિસ્તાન સહિત વિશ્વભરના ઘણા દેશો વચ્ચે પરમાણુ યુદ્ધ અટકાવ્યું : ડોનાલ્ડ ટ્રમ્પ

### ટ્રમ્પે ન્યૂ સ્ટાર્ટ પરમાણુ શસ્ત્ર નિયંત્રણ સંધિની ટીકા કરી એક નવા આધુનિક કરારની હાકલ કરી

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના દાવાને પુનરાવર્તિત કર્યો કે તેમણે ભારત અને પાકિસ્તાન અને વિશ્વના અન્ય ભાગો વચ્ચે પરમાણુ યુદ્ધ અટકાવ્યું છે, ન્યૂ સ્ટાર્ટ પરમાણુ શસ્ત્ર નિયંત્રણ સંધિની ટીકા કરી અને એક નવા, આધુનિક કરારની હાકલ કરી.

તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે તેમણે પાકિસ્તાન અને ભારત, ઈરાન અને ઈઝરાયલ, અને રશિયા અને યુક્રેન વચ્ચે પરમાણુ યુદ્ધો અટકાવ્યા, પરંતુ તેમણે તેમના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ વિગતો આપી નથી.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કર્યું, "અમેરિકા વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ છે. મારા પહેલા કાર્યકાળ દરમિયાન, મેં તેની સેનાને સંપૂર્ણપણે ફરીથી બનાવી, જેમાં નવા અને ઘણા નવીનીકૃત પરમાણુ શસ્ત્રોનો ઉમેરો પણ સામેલ છે. મેં એક સ્પેસ ફોર્સ પણ ઉમેરી અને હવે, હું અમારી સેનાને પહેલા ક્યારેય ન જોયેલા સ્તર પર ફરીથી બનાવી રહ્યો છું."

ટ્રમ્પે કહ્યું, "અમે યુદ્ધ જહાજો પણ ઉમેરી રહ્યા છીએ, જે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સમુદ્રમાં ફરતા જહાજો, આયોવા, મિઝોરી, અલાબામા અને અન્ય કરતા ૧૦૦ ગણા વધુ શક્તિશાળી છે. મેં પાકિસ્તાન અને ભારત, ઈરાન અને ઈઝરાયલ, અને રશિયા અને યુક્રેન વચ્ચે વિશ્વભરમાં પરમાણુ યુદ્ધો અટકાવ્યા છે."

ટ્રમ્પે વધુમાં કહ્યું, "ન્યૂ જીછઇ્ (યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા નબળી વાટાઘાટો કરાયેલ સોદો, જે અન્ય બાબતોની સાથે, ઘોર ઉલ્લંઘન કરવામાં આવી રહ્યો છે) ને લંબાવવાને બદલે, આપણા પરમાણુ નિષ્ણાતોએ એક નવી, સુધારેલી અને આધુનિક સંધિ પર કામ કરવું જોઈએ જે ભવિષ્યમાં લાંબા સમય સુધી ટકી શકે."

## અમેરિકા સાથે પરમાણુ વાટાઘાટો પહેલા ઈરાને ડીઝલ ભરેલા બે વિદેશી તેલ ટેક્રરો જપ્ત કર્યા

### વિદેશી તેલ ટેક્રરા ફારસી ટાપુ નજીક તેમને જપ્ત કરીને બુશેહર લઈ જવામાં આવ્યા

વોશિંગ્ટન,

અમેરિકા અને ઈરાન પરમાણુ વાટાઘાટો કરવા સંમત થયા છે. આ વાટાઘાટો ઓમાનની રાજધાની મસ્કતમાં થવાની છે. દરમિયાન, ઈરાને પર્સિયન ગલ્ફમાં ઈંધણની દાણચોરી કરતા બે વિદેશી તેલ ટેક્રરો જપ્ત કર્યા છે. મીડિયા અહેવાલોમાં ટેક્રરોની રાષ્ટ્રીયતા અથવા તેઓ લહેરાતા દેશના ધ્વજનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

રિવોલ્યુશનરી ગાર્ડ નેવીના પ્રાદેશિક કમાન્ડર જનરલ હેયદર હોનારિયન મોજારાદે જણાવ્યું હતું કે ટેક્રરોમાં આશરે ૧ મિલિયન લિટર ઈંધણ (આશરે ૬,૩૦૦ બેરલ), ડીઝલ સહિત, વહન કરવામાં આવ્યા હતા અને ફારસી ટાપુ નજીક તેમને જપ્ત કરીને બુશેહર લઈ જવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે બંને ટેક્રરો પર સવાર ૧૫ ક્રૂ સભ્યો ન્યાયિક કસ્ટડીમાં છે પરંતુ તેમણે તેમની રાષ્ટ્રીયતા જાહેર કરી નથી. ઈરાને સમયાંતરે સમાન આરોપોમાં આ પ્રદેશમાં તેલ વહન કરતા જહાજોને જપ્ત કર્યા છે.

ઈરાન અને યુએસ વચ્ચે પરમાણુ વાટાઘાટો થવાની છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી અને યુએસના ખાસ દૂત સ્ટીવ વિટકોફ ભાગ લઈ રહ્યા છે. આ વાટાઘાટો ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર કેન્દ્રિત છે, જેમાં જેસીપીઓએ (જૂનો ૨૦૧૫ પરમાણુ કરાર) ને પુનર્જીવિત કરવા અથવા નવો બનાવવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

## તમિલનાડુ : ચેન્નાઈમાં બર્ડ ફ્લૂ એચ-૫એન-૧ વાયરસથી સેંકડો કાગડાઓના મોર્ત

### કાગડા અને મરઘાંના તમામ મૃતદેહને બાળી નાખવા અથવા ઊંડા ખાડામાં દાટી દેવાનો નિર્દેશ

ચેન્નાઈ,

તમિલનાડુની રાજધાની ચેન્નાઈમાં બર્ડ ફ્લૂની ચેતવણી જારી કરવામાં આવી છે. ચેન્નાઈમાં સેંકડો કાગડા મૃત હાલતમાં મળી આવ્યા છે. લેબ પરીક્ષણોમાં એચ-૫એન-૧ વાયરસની હાજરીની પુષ્ટિ થઈ છે. કાગડાઓના મૃત્યુનું કારણ એચ-૫એન-૧ અથવા બર્ડ ફ્લૂ હોવાનું નક્કી કરવામાં આવ્યું છે. આરોગ્ય અધિકારીઓએ આ રોગના ફેલાવાને રોકવા માટે સામાન્ય જનતા માટે એક સલાહકાર જારી કર્યો છે. અધિકારીઓએ એચ-૫એન-૧ વાયરસના સંક્રમણને રોકવા માટે બાયોસિક્યોરિટી પ્રોટોકોલ અનુસાર કાગડા અને મરઘાંના તમામ મૃતદેહને બાળી નાખવા અથવા ઊંડા ખાડામાં દાટી દેવાનો નિર્દેશ આપ્યો છે.

આ સલાહકાર જનતાને મૃત પક્ષીઓને સ્પર્શ કરવાનું કે તેમને સંભાળવાનું ટાળવાની સખત સલાહ આપે છે અને તેમને તાત્કાલિક સ્થાનિક અધિકારીઓને કોઈપણ નવા કેસની જાણ કરવા વિનંતી કરે છે. કેન્દ્રીય પશુપાલન મંત્રાલયે તમિલનાડુના મુખ્ય સચિવને પત્ર લખીને રોગના ફેલાવાને રોકવા માટે તાત્કાલિક અને વ્યાપક ક્ષેત્ર દેખરેખ રાખવા વિનંતી કરી છે.

એચ-૫એન-૧ એ ઈન્ફ્લ્યુએન્ઝા છ વાયરસનો એક અત્યંત ખતરનાક પ્રકાર છે જે મુખ્યત્વે પક્ષીઓ, ખાસ કરીને મરઘાં અને જંગલી પક્ષીઓને ચેપ લગાડે છે. તેને સામાન્ય રીતે 'બર્ડ ફ્લૂ' તરીકે ઓળખવામાં આવે છે અને તે પક્ષીઓની વસ્તીમાં ઝડપથી ફેલાઈ શકે છે. જોકે ૐ૫દ્ગ૧ મુખ્યત્વે પક્ષીઓને અસર કરે છે, તે ક્યારેક ક્યારેક મનુષ્યો અને અન્ય પ્રાણીઓને ચેપ લગાવી શકે છે.

એચ-૫એન-૧ વાયરસ સામાન્ય જનતા માટે ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. આ વાયરસ પક્ષીઓમાં ઝડપથી ફેલાય છે. મનુષ્યોમાં ચેપ ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ જ્યારે તે થાય છે, ત્યારે તે ગંભીર બની શકે છે. ઘણા પુષ્ટિ થયેલા માનવ કેસોમાં ન્યુમોનિયા જેવી ગંભીર શ્વસન બિમારીઓ સામેલ છે.

## ઈસ્લામાબાદ મસ્જિદમાં વિસ્ફોટમાં ૫૦ થી વધુ લોકોના મોત

### ઈસ્લામાબાદની ગ્રાન્ડ મસ્જિદ કસર-એ-ખાદીજાતુલ કુબ્રા મસ્જિદમા વિસ્ફોટમાંથી ૭૦ થી વધુ લોકો ઘાયલ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાજ દરમિયાન એક મસ્જિદમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં ૫૦ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. ૭૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને તેમને નજીકની ત્રણ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારે અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોતની પુષ્ટિ કરી છે. અહેવાલો અનુસાર, ઘાયલોને પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ અને સીડીએ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

વિસ્ફોટની તસવીરોમાં શરીરના ભાગો વિખરાયેલા દેખાય છે. શરૂઆતમાં આ આત્મઘાતી હુમલો હોવાનું જણાવાઈ રહ્યું છે. પોલીસ અને સેનાની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, અને સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે.

સ્થાનિક મીડિયા અનુસાર, વિસ્ફોટ કસર-એ-ખાદીજાતુલ કુબ્રા મસ્જિદમાં થયો હતો, જેને ઈસ્લામાબાદની ગ્રાન્ડ મસ્જિદ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઘટનાનો વીડિયો ફૂટેજ વાયરલ થઈ રહ્યો છે, જેમાં લોકો ભાગી રહ્યા છે. સાવચેતીના પગલા તરીકે, ઈસ્લામાબાદમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે.

લોકો બપોરે ૧ વાગ્યાની આસપાસ નમાઝ માટે મસ્જિદમાં ભેગા થવા લાગ્યા. આ દરમિયાન, એક આત્મઘાતી હુમલાખોરે મસ્જિદમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેને ગેટ પર જ રોકવામાં આવ્યો. તેની તપાસ થતાં જ તેણે પોતાને ઉડાવી દીધો.

ઈસ્લામાબાદ પોલીસનું કહેવું છે કે આત્મઘાતી હુમલાખોર અફઘાનિસ્તાન સાથે જોડાયેલો હતો.

## શેહબાઝ શરીફનો કાશ્મીર જુગાર ઉલટો પડ્યો : લંડનથી બ્રસેલ્સ સુધીના કાશ્મીરીઓએ પાકિસ્તાની પ્રચારનો પર્દાફાશ કર્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન, કાશ્મીર પર તેના પ્રચારને વધુ તીવ્ર બનાવતી વખતે, દર વર્ષે કાશ્મીર એકતા દિવસ ઉજવવાનો ડોળ કરે છે, પરંતુ આ વખતે તે ઈસ્લામાબાદ માટે શરમજનક બન્યું છે. યુરોપભરના કાશ્મીરીઓએ પાકિસ્તાનના પ્રચારનો પર્દાફાશ કર્યો છે, તેને દાયકાઓથી ચાલી આવતી હિંસા, જુલમ અને વસ્તી વિષયકતાને છુપાવવા માટે રચાયેલ સ્ટંટ ગણાવ્યો છે. બ્રિટનથી બેલ્જિયમ સુધીના ઘણા દેશોમાં કાશ્મીરીઓએ પાકિસ્તાનના પ્રચારનો વિરોધ કર્યો, ઈસ્લામાબાદ પર કાશ્મીરમાં પ્રોક્સી યુદ્ધ ચલાવવાનો અને ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો.

બ્રિટનમાં સૌથી મોટું પ્રદર્શન બ્રેડફોર્ડમાં પાકિસ્તાની દૂતાવાસની બહાર થયું. યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી ના બેનર હેઠળ કાશ્મીરીઓએ એક વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે પાકિસ્તાનના કાશ્મીર સોલિડેરિટી ડેને એક બનાવટી ગણાવીને નકારી કાઢ્યો. "કબજો અસ્વીકાર્ય છે" અને "રાજ્ય આતંકવાદનો અંત લાવો" જેવા નારા લગાવવામાં આવ્યા.

એક અહેવાલમાં જમ્મુ કાશ્મીર નેશનલ ઈન્ડિપેન્ડન્સ એલાયન્સના અધ્યક્ષ મહમૂદ અહેમદ કાશ્મીરને ટાંકીને કહ્યું કે પાકિસ્તાનનું નિવેદન એ લોકોનું અપમાન છે જેમની રાષ્ટ્રીય ઓળખ અને કુદરતી સંસાધનોનો નાશ થઈ રહ્યો છે.

# રાજકોટના આંબેડકરનગરમાં સફાઇ કામદાર મહિલાનું હ્રદય બેસી જતાં મોત

## બેડીપરા પોલીસ ચોકી વિસ્તારમાં બંગાળી યુવાનનું પણ હ્રદય બંધ પડતા મૃત્યુ

રાજકોટ,

રાજકોટમાં હ્રદય રોગના હુમલાથી વધુ ત્રણનાં મોત થયા છે. રાજકોટના આંબેડકરનગરમાં રહેતાં સફાઇ કામદાર મહિલાને છાતીમાં દુઃખાવો ઉપડયા બાદ ઢળી પડતાં સારવાર દરમિયાન મોત થયું હતુ

જાણવા મળ્યા મુજબ રાજકોટ ગોંડલ રોડ આંબેડકરનગર-૪માં રહેતાં રસીલાબેન દિનેશભાઇ મુછડીયા (ઉ.વ.૫૬) સાંજે સાડા આઠેક વાગ્યે ઘરે હતાં ત્યારે છાતીમાં દુઃખવો થયા બાદ બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

મૃત્યુ પામનાર રસિલાબેનના પતિ દિનેશભાઇ કલર કામ કરી ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. પોતે મનપામાં કોન્ટ્રાક્ટ બેઝથી સફાઇ કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં રાજકોટના ડિલક્સ ચોક બેડીપરા પોલીસ ચોકી નજીક રહેતાં મુળ બંગાળના સમર નિમોય મંડલ (ઉ.વ.૪૩) સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર સોની કામની મજુરી કરતાં હતાં. તેનને સંતાનમાં એક દિકરી છે. હાર્ટએટક આવી ગયાનું સગાએ કહ્યું હતું. બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી

ત્રીજા બનાવમાં રાજકોટના ગોંડલ રોડ વાવડીમાં પરમેશ્વર મશીન ટૂલ્સ નામના કારખાનામાં કામ કરતાં અને ત્યાં જ ઓરડીમાં રહેતાં મુળ યુપીના રમેશભાઇ મીરૂગભાઇ ચૌહાણ (ઉ.વ.૫૫)નું કારખાનાના રૂમમાં બેભાન થઇ ગયા બાદ મોત થયું છે.

રમેશભાઇ રૂમમાં હતાં ત્યારે રાતે દસેક વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જયાં તેનું મોત થયું હતું મૃતકને સંતાનમાં એક દિકરો છે. પરિવારજનો વતનમાં રહે છે. પોતે અહિ અહિર નોકરી કરતાં હતાં. હ્રદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું.

# રાજકોટના રેલ્વે સ્ટેશનમા મુસાફરને લૂંટવાના ગુનામાં ઝડપાયેલા આરોપીઓની ૧૪ ગુનામાં સંડોવણી ખૂલી

રાજકોટ,રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોઇ રહેલા મુળ બિહારના હાલ શાપર રહી મજૂરી કરતાં મનિષકુમાર મંડલ નામના ૨૧ વર્ષના યુવાનને તા. ૩ના સાંજે એક શખ્સે મારે મદદની જરૂર છે જરા આગળ આવ તેમ કહી પ્લેટફોર્મ પાછળ ઝાડીમાં લઇ જઇ છરી બતાવી મારી નાખવાની ધમકી આપી રોકડા ૨ હજાર લૂંટી લઇ તેમજ તેના ફોનમાંથી ૫૦૦૦ જી-પેથી ટ્રાન્સફર કરાવી લૂંટી લીધો હતો. આ બનાવમાં રેલ્વે પોલીસે ભેદ ઉકેલી રીઢા ગુનેગાર સહિત બે શખ્સને ઝડપી લીધા છે. જેમાં એક શખ્સ ૧૪ ગુનામાં અગાઉ સંડોવાઇ ચુક્યો છે.

ઘટના બન્યા બાદ ભેદ ઉકેલવા રેલ્વે. પોલીસની ટીમ કામે લાગી હતી. દરમિયાન ડી. સ્ટાફના જયવીરસિંહ, મનસુખભાઇ, સાગરભાઇ, મેહુલભાઇને મળેલી બાતમી પરથી રૂખડીયાપરામાંથી બેડીપરાના હિતેષ કનકભાઇ જાંબુકીયા (ઉ.વ.૨૫) અને તેના સાગ્રીત



રૂખડીયાપરાના સાહિલ ઉર્ફે બાડો સલિમભાઇ રફાઇ (ઉ.વ.૨૧)ને પકડી લીધા હતાં અને મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઝડપાયેલા બંને આરોપીઓ રીઢા ગુનેગાર છે. હિતેશ જાંબુકીયા વિરૂધ્ધ થોરાળા, એ-ડિવિઝન, બી-ડિવિઝન, ભક્તિ નગર અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન, ચોરી અને એનડીપીએસ એક્ટટ હેઠળ ૧૪ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે સાહિલ ઉર્ફે બાડો અગાઉ રેલવે પોલીસ સ્ટેશન અને બી-ડિવિઝનમાં લૂંટના પ્રયાસ અને ચોરીના ૩ ગુનાઓમાં સંડોવાયેલો છે. હાલ પોલીસ બંને આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી રહી છે. મોજશોખ માટે બંનેએ લૂંટ કરી હતી.

ઇન્ચાર્જ એડી. ડીજીપી (રેલવે) પરિક્ષિતા રાઠોડ અને એસપી યશપાલ જગાણીયાની સુચના અંતર્ગત આ કામગીરી પી.આઇ. એચ.એમ. રાણા, પી.એસ.આઇ. પી.વી. ડોડીયા, પી.આઇ. રાઇટર કાન્તીતભાઇ, પો.કો. વિષ્ણુભાઇ, સંજયભાઇ અને નિતીનભાઇ જોડાયા હતા. તેમજ ડી-સ્ટાફના હેડ કોન્ટેબલ મધુરાજસિંહ, વાલજીભાઇ, જયવીરસિંહ, યોગીરાજસિંહ, વનરાજભાઇ, મનસુખભાઇ, યશપાલસિંહ, સાગરભાઇ, મેહુલભાઇ, દિવ્યરાજસિંહ અને જીતુભા અને ટેકનિકલ મદદમાં એ.એસ.આઇ. પ્રવિણભાઇ સુવા, એલ.સી.બી.ના પી.એસ.આઇ. જે.એમ. પરમાર અને આર.પી.એફ.ના હેડ કોન્ટેબલ પ્રભાતભાઇ, રિતેશભાઇ શુકલા અને રમેશભાઇ છૈયાએ કરી હતી.

# વેરાવળ બાયપાસ રોડ પર મુરલીધર કોમ્પ્લેકસમાં ૪૦ દુકાનો સળગી ઉઠતાં મોટું નુકશાન

## ગ્રાઉન્ડ ફલોરની દુકાનમાં લાગેલી આગથી આખું કોમ્પ્લેકસ ભડકે બળ્યું : ચાર વાહનો પણ રાખ : ફાયર એન..ઓ.સી. જ નહોતું





વેરાવળ, વેરાવળ-જૂનાગઢ બાયપાસ રોડ પર આવેલા મુરલીધર કોમ્પ્લેકસમાં લાગેલી ભીષણ આગને કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કોમ્પ્લેકસની અંદાજે ૪૦ જેટલી દુકાનો બળીને ખાખ થઈ ગઈ જેના કારણે સ્થાનિક વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે.

ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી એક ડીઝલ પંપ સર્વિસની દુકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આ આગે આખા કોમ્પ્લેકસને પોતાની લપેટમાં આ આગે આખા કોમ્પ્લેકસને પોતાની લપેટમાં લઈ લીધું હતું.

આગ એટલી વિકરાળ હતી કે કોમ્પ્લેકસમાં પાર્ક કરેલી ૪ મોટર સાયકલ અને ૧ કાર પણ બળીને રાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ વેરાવળ ફાયર બ્રિગેડની ટીમ બે વાહનો સાથે ઘટના સ્થળે પહોંચી હતી.

આગની ગંભીરતાને જોતા આસપાસની ઈન્ડસ્ટ્રીઝમાંથી પણ મદદ લેવામાં આવી હતી. કુલ પાંચ ફાયર ફાઈટરની ટીમોએ સતતકલાક સુધી પાણીનો મારો ચલાવીને મહામુસીબતે આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ ઘટનામાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે મુરલીધર કોમ્પ્લેકસ પાસે ફાયર એન.ઓ.સી. નહોતું. ફાયર ઓફિસર રવિરાજસિંહ ચાવડાના જણાવ્યો અનુસાર, અગાઉ પણ આ બાબતે કોમ્પ્લેકસને નોટિસ આપવામાં આવી હતી આગની ઘટના બાદ કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર અને પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

કલેક્ટરે આ મામલે ગંભીર નોંધ લેતા નગરપાલિકા અને ફાયર વિભાગ પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ બેદરકારી દાખવનાર જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# મતદારોના નામો રદ કરવા કારસાની ગંધ, રાજકોટમાં ૨૬,૧૦૦ ફોર્મ ભરાતા ચકચાર

## એક વ્યક્તિએ અનેકની સહી કરી ફોર્મ ભર્યાની શંકા-ગુનો નોંધવા માંગણી એપીક નંબર,વિગતોમાં ચેડાં, બોગસ મોબાઈલ નંબરના ગંભીર આક્ષેપો સાથે કોંગી અગ્રણીઓની કલેક્ટર સાથે શાબ્દિક ટપાટપી

રાજકોટ,રાજકોટ શહેરમાં સરની -૨૦૨૫-૨૬ દરમિયાન મોટા પાયે શંકાસ્પદ ફોર્મ -૭ દ્વારા મતદારોના અધિકાર પર પ્રહાર - રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા તાત્કોલિક તપાસ અને એફ આર. આઈ ની માંગ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, રાજકોટ શહેર સમિતિ દ્વારા રાજકોટ શહેરની તમામ વિધાનસભા બેઠકોમાં ચાલી રહેલી સાર પ્રક્રિયા દરમિયાન થયેલી ગંભીર, શંકાસ્પદ અને લોકશાહી વિરોધી અનિયમિતતાઓ સામે આજે જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટરર ને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યુંર હતુ કે, મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન ફોર્મ -૭ હજારોની સંખ્યા માં બલ્કમાં દાખલ કરવામાં આવ્યા છે, જે પ્રથમ દ્રષ્ટિએ જ ખોટા, બનાવટી અને પૂર્વનિયોજિત જણાઈ આવે છે. આ સમગ્ર ઘટના માત્ર ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા પર પ્રશ્ન ઊભો કરતી નથી, પરંતુ ભારતના બંધારણ દ્વારા સુરક્ષિત મતાધિકાર પર સીધો હુમલો છે.



ડો. રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં ફોર્મ -૭ માં -એકસરખી અથવા અલગ-અલગ ખોટી સહી- એપિક નંબર તથા વ્યક્તિગત વિગતોમાં ચેડા- સોફટવેર/ઓટોમેટેડ રીતે જનરેટ થયેલા ફોર્મ - એક જ વ્યક્તિવ દ્વારા અનેક ફોર્મ ભરવાના પુરાવા- બોગસ મોબાઇલ નંબરનો ઉપયોગ, જેવા ગંભીર મુદ્દાઓ સામે આવ્યા છે. ખાસ કરીને જીઝ, મ્ઝ, અલ્પ સંખ્યલક તથા આર્થિક રીતે નબળા વર્ગના મતદારો વધુ અસરગ્રસ્ત થવાની સંભાવના હોવું અત્યંત ચિંતાજનક છે. યોગ્યા ચકાસણી વિના આ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હોવાની આશંકા છે. ગ્રામ્યક અને અનુસૂચિત જાતિ વિસ્તાતરોમાં મોટા પ્રમાણમાં મતદારોના નામ કાઢવાની કોશિશ સામાજિક ન્યાય અને બંધારણીય સિદ્ધાંતો પર સીધો પ્રહાર છે. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે કેજ - તમામ શંકાસ્પસદ અને બલ્ક્ ફોર્મ -૭ પર તાત્કાલિક સ્ટ મુકવામાં આવે- ખોટા ફોર્મ -૭ રદ કરવામાં આવે - સમગ્ર મામલાની ટેક્નિમકલ તથા ફોરેન્સિક તપાસ કરાવવામાં આવે - જવાબદાર અધિકારીઓ અને સંડોવાયેલા વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવે -ખોટી રીતે કાઢી નાખવામાં આવેલા મતદારોના નામ તાત્કાસલિક પુનઃસ્થા પિત કરવામાં આવે, અને સમગ્ર મામલાની વિગતવાર રિપોર્ટ ચૂટણી પચને મોકલવામાં આવે. મતદારોના અધિકારની રક્ષા માટે સત્ય અને સંઘર્ષની લડત લડવા મજબૂર બનશે. તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની આગેવાનીમાં વશરામભાઈ સાગઠીયા, ડોક્ટિર હેમાંગભાઈ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા વાઘેલા, નરેન્દ્ર ભાઈ સોલંકી, ડી પી મકવાણા, નીતિનભાઈ ભંડેરા, કોમલબેન ભરાઈ, મુકેશભાઈ ચાવડા, પ્રફુલા બા રાઠોડ રવિભાઈ જીતીયા, જયાબેન ચૌહાણ, જીગ્નેશભાઈ વિરોજા, પ્રીતિબેન રાઠોડ, ધર્મિષ્ઠાબા જાડેજા, મેરુમબેન કુરેશી, દીપુબેન રવૈયા, જશુબેન વાળા, તથા ભાવનાબેન વાઘેલા સહિતના આગેવાનો કાર્યકરો જોડાયા હતા.

# રાજકોટ એરપોર્ટ ફાટક પાસે સામુ જોવા મામલે યુવાન પર ત્રણ શખ્સનો છરીથી હુમલો

રાજકોટ,રાજકોટના એરપોર્ટ ફાટક નજીક રાજકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતો યુવાન રાતે એપાર્ટમેન્ટના પાર્કિંગ ગેઇટ નજીક મિત્ર સાથે વાતો કરતો હતો ત્યારે કાર લઇને આવેલા ત્રણ યુવાનોએ માથામાં છરી મારી દેતાં ઇજા થઇ હતી. સામા પક્ષે પણ એક યુવાન પોતાના પર ચાર જણાએ છરી-ધોકાથી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં પ્ર.નગર પોલીસે એરપોર્ટ ફાટક પાસે રાજકૃતિ એપાર્ટમેન્ટ ઇ-વીંગ, પહેલા માળે રહેતાં અને અમદાવાદ અસારવા હોસ્પિટલમાં જીસીઆરઆઇ વિભાગમાં નોકરી કરતાં મિતુલભાઇ બંસીભાઇ કક્કડ (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી તારીફ તથા બે અજાણ્યા સામે ગુનો નોંધ્યો, છે.

મિતુલભાઇએ જણાવ્યું છે કે હું મારા પિતાજી બંસીલાલ, ભાઇ રવીશ સાથે રહુ છું. મિલન સોહાણીને દસ પંદર વર્ષથી ઓળખુ છું અને તે મારા મિત્ર છે. ગુરૂવારે રાતે હું અને મિત્ર મિલન નીચે પાર્કિંગગેઇટ પાસે વાત કરતાં હતાં ત્યા રે સફેદ રંગની કાર આવી હતી. કાચ ખોલીને ચાલકે મારી સામે જોતાં મેં મારા મિત્રને કહેલું કે- આ ભાઇ તને કંઇક કહે છે. આથી એ કારચાલક જેમ ફાવે તેમ બોલવા માંડતા અને ગાળો દેવા માંડતાં મં ગાળો બોલવાની ના પાડતાં તેણે કારમાંથી નીચે ઉતરી મને ઝાપટ મારી દીધી હતી.

આથી મેં મિત્રને ઘરે મોકલી દીધો હતો અને હું પણ ઘરે જતો હતો ત્યાંમ મારો ભાઇ રવીશ અને પિતા નીચે આવ્યા હતાં. આ વખતે કારવાળા ભાઇએ મને કહેલું કે-હું તારીક અહમદ છું. તેમ કહી ફરી ગાળો દીધી હતી. અમે ઘરે જતાં રહેતાં તારીક અને બે અજાણ્યાએ મારા ઘરે આવી ઝઘડો કર્યો હતો. અજાણ્યાએ મને માથામાં છરી મારી દીધી હતી અને મારા પિતા-ભાઇને ઢીકાપાટુ માર્યા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવતાં મને હોસ્પિટલમાં ખસેડાયો હતો.

સામા પક્ષે રૈયા રોડ હનુમાન મઢી નજીક અલ્કાપુરી-૨માં રહેતાં અને ખાનગી નોકરી કરતાં શબ્બીપરભાઇ મહદરફીકભાઇ નાગોરી (ઉ.વ.૩૫)ની ફરિયાદ પરથી બંસીભાઇ અને તેના બે પુત્રો તથા મિલનભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે

શબ્બીરભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહી ખાનગી નોકરી કરી ગુજરાન ચલાવુ છું. ગુરૂવારે રાતે દસેક વાગ્યે હું અને મિત્રો તોસિફ પઠાણ, તારીક કોચલીયા એરપોર્ટ ફાટક પાસે બેઠા હતાં. અહિથી તારીફભાઇ રાજકૃતિ એપાર્ટમેન્ટમાં આવેલ વિમલ સ્ટોરમાં ગુટખા લેવા ગયા હતાં. થોડીવાર પછી તેનો મને ફોન આવ્યો કે મારી સાથે રાજકૃતિમાં રહેતાં બંસીભાઇ અને તેના બે પુત્રો તથા મિલન ઝઘડો કરે છે. આથી હું અને તૌસીફ ત્યાં જતાં આ બધા તારીફભાઇને મારકુટ કરતાં હોઇ હું વચ્ચે પડતાં બંસીભાઇના પુત્રો છરી-ધોકાથી તૂટી પડયા હતો. ગાળો દઇ મને પીઠના ભાગે અને માથાના ભાગે છરીના ઘા મારી દીધા હતાં. આ પછી તોફિકભાઇએ ૧૦૮ બોલાવી મને સારવારમાં ખસેડયો હતો. બનવા અંગે પ્ર.નગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ અન્ય વોર્ડમાં હાજરી પુરતા સોલીડ વેસ્ટ વિભાગના ૪૫ અધિકારીઓને નોટીસ

**કાર્ય સ્થળ પર જ હાજરી કરવાને બદલે અન્ય જગ્યાએ શા માટે ખુલાસો આપવા આદેશ**

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકામાં કર્મચારીઓ સમયસર કચેરીમાં હાજર થાય તે માટે ફેસ મશીન રાખવામાં આવ્યાા છે. પરંતુ ફિલ્ડ વર્કમાં જતા એસઓ, એસઆઇ અને એસએસઆઇ તેમજ એઆઇ સહિતના અધિકારીઓ તથા કર્મચારીઓએ પોતાની હેડઓફિસ ખાતે અથવા વોર્ડ ઓફિસ ખાતે હાજરી પુરાવી ફરજિયાત છે. છેલ્લા ઘણા સમયથી એસઓ, એસઆઇ અને એસએસઆઇ અન્યી વોર્ડમાં હાજરી પુરાવી પોતાના વોર્ડમાં હાજર થતા હોવાની ફરિયાદો ઉઠતા મ્યુનિ.કમિશનરે ૪૫ એસઓ, એસઆઇ અને એસએસઆઇને શો-કોઝ નોટિસ પાઠવી જવાબ માંગવામાં આવતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કમિશનર વિભાગમાંથી તમામ એસઓ, એસઆઇ અને એસએસઆઇ નોટિસ પાઠવી જણાવવામાં આવેલ છે કે, તમો રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના વોર્ડમાં એસ.ઓ./એસ.આઈ./એસ.એસ.આઈ. તરીકે ફરજ બજાવો છો. તમોને વોર્ડ વિસ્તાતરની સફાઇલક્ષી કામગીરીનું સુપરવિઝન કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. આપને આપના કાર્યસ્ ળ પર લગાવેલ હાજરી માટેના ફેસ ડિટેકશન મશીનમાં હાજરી કરવાની હોય છે જે ઉક્ત.વંચાણેનાં પરિપત્રાથી જણાવવામાં આવેલ. પરંતુ આપના દ્વારા જાન્યુઆરી-૨૦૨૬માં આપના કાર્યસ્થ્ળ સિવાય તમે તમારી હાજરી અન્ય/જગ્યાએ કરવામાં આવેલ હોય તેવું એનેક્ષર-એ મુજબ ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત બાબતે તમારે તમારા કાર્યસ્થળ પર જ હાજરી કરવાની હોય છે. તમો દ્વારા શા કારણોસર અન્ય જગ્યાએ હાજરી કરવામાં આવેલ હોય ? જે અંગેનો ખુલાસો દિવસ -૦૩ માં રજુ કરશો. જો ખુલાસો નિયત સમયમર્યાદામાં રજુ ન કરવાના કિસ્સામાં તમો કશું કહેવા માંગતા નથી તેમ માની આગળની ધોરણસરની કાર્યવાહી અત્રેથી હાથ ધરવામાં આવશે. જેની ગંભીરતાથી નોંધ લેશો

# લોધીકાના ખીરસરા નજીકના મોટા વડા ગામે રાજકોટના કેટરર્સ સંચાલકનો આપઘાત

રાજકોટ,રાજકોટ શહેરના કાલાવડ રોડ પર રહેતાં કેટરર્સ સંચાલકે લોધીકાના ખીરસરા નજીકના મોટા વડા ગામે આવેલા મંદિરે ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

જાણવા મળ્યો મુજબ રાજકોટ કાલાવડ રોડ પર કૈલાસ કેવલમ્ સોસાયટીમાં રહેતાં બિપીનભાઇ લક્ષમણભાઇ પાંભર (ઉ.વ.૪૭)એ બપોરે ત્રણેક વાગ્યે મોટા વડા ગામની સીમમાં આવેલા શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ઝેરી દવા પી લીધી હતી. દર્શનાર્થીઓને જાણ થતાં ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. બીપીનભાઇને સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર બિપીનભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે કેટરર્સનું કામ કરતાં હતાં. ઘરેથી ગઇકાલે તેઓ મંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યાક બાદ આ પગલુ ભરી લીધુ હતું. આર્થિક ભીંસને કારણે પગલુ ભર્યુ કે અન્ય કારણોસર? તેની તપાસ અંતિમવિધી બાદ પોલીસ કરશે. આ બનાવથી પરિવારજનોમાં શોક છવાઇ ગયો છે. મેટોડા જીઆઇડીસી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો.

# કોટડા સાંગાણીના પીપલાણા ગામ પાસે પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી કરનાર આરોપી પકડાયો

રાજકોટ, કોટડા સાંગાણીના પીપલાણા ગામ પાસે પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી કરનાર શખ્સને પોલીસે ઝડપી લીધો હતો.

રાજકોટ ગ્રામ્યા જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા કે.જી.ઝાલાના ગોંડલમાં ચોરીના ગુન્હા શોધી કાઢવા સૂચના તેમજ માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે કોટડાસાંગાણી પો.સ્ટેના પોલીસ ઈન્સ. આર.એમ રાઠોડના રાહબરી હેઠળ કોટડાસાંગાણી પો.સ્ટેના કર્મચારીઓ પો.સ્ટે. વીસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પીપલાણા જી.આઈ.ડી.સી. પાછળ ગારાવાળી મેલડી માતાજીના મંદીર પાછળ ડુંગર પર આવેલ પવનચક્કીનું તાળુ તોડી પવન ચક્કીના ઈલેકટ્રીક કોપર વાયર કેબલ આશરે ૬૧૫ મીટર જેની કિ.રૂ.૧૫૦૦૦/-ની ચોરી થયેલ હોય જે ગુન્હાના કામે સંડોવાયેલ આરોપી પ્રેમજીભાઈ હરજીભાઈ ભીલ રહે શાંતિધામ, વરસામેડી પ્લોટ નં.૩૯૦



તા.અંજાર જી.કચ્છ વાળો પીપલાણા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં હોવાની ખાનગી રાહે હકીકત મળતા વોચ ગોઠવી ઝડપી લેવાયો હતો.

# રાજકોટની સોખડા ચોકડી પાસે કંપનીમાં છત પરથી પડી જતાં ઘવાયેલા યુવાનનું મોત

રાજકોટ,રાજકોટના કુવાડવા રોડ સોખડા ચોકડી પાસે મેક કાર્ગો નામની કંપનીમાં કામ કરતો મુળ એમપીનો વતની યુવાન રાતે છત પાસે ટાંકી પર સુતો હતો ત્યારે પડી જતાં ઇજા થવાથી મોત થયું છે.

જાણવા મળતી વિગતો મુજબ ઉત્તરપ્રદેશના સોનભદ્ર જિલ્લાના દુગોલીયા ગામનો વતની રોહિતબિંદ સુરેશબિંદ (ઉ.વ. ૨૨) નામનો ગત તા. ૨૧/૧૦/૨૦૨૫ નારોજ કંપની છત ઉપર આવેલ ટાંકી પર સુતો હતો ત્યારે કોઈ કારણોસર નીચે પડતા હતા તેને ૧૦૮ મારફત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાદમાં યુવાનને વધુ સારવાર માટે મધ્યપ્રદેશના વિદિશાના કોતવાલી ગામે લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન થતાં કુવાડવા રોડ પોલીસને જાણ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ


Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

### લગ્ન જેવા શુભ પ્રસંગો બન્યા પ્રદૂષણ અને અશાંતિના પ્રતીક

લગ્નના બંધનમાં બે હૃદયોનું મિલન થાય છે, પરંતુ આજના યુગમાં આ પવિત્ર બંધનની આસપાસ એક ભવ્ય અને ખર્ચાળ પ્રદર્શનનું આયોજન થઈ રહ્યું છે. ભારતીય સમાજમાં લગ્ન માત્ર એક સામાજિક રીતરિવાજ ન રહેતા એક વિશાળ ઉદ્યોગ બની ગયું છે, જ્યાં ભાવનાઓ કરતાં દેખાવ અને સામાજિક પ્રતિષ્ઠાનું મહત્ત્વ વધુ થઈ ગયું છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે શહેરી ક્ષેત્રોમાં લગ્ન સંબંધિત સેવાઓમાં ચોથા ભાગથી વધુ વૃદ્ધિદર જોવા મળ્યો છે અને લગ્નનો સરેરાશ ખર્ચ પણ લાખો રૂપિયામાં વધી રહ્યો છે. આ આંકડા એક સ્પષ્ટ ચિત્ર પ્રસ્તુત કરે છે: લગ્નની ઉજવણી હવે એક સાદા પરિવારિક સમારંભથી આગળ વધીને એક મલ્ટી મિલિયનુ વ્યવસાયિક આયોજન બની ગયું છે. પરંતુ શું આ બધા ભપકા અને ખર્ચની પાછળ સામાજિક જવાબદારી અને વ્યવહારિકતાનું અંતરાલ નથી રહ્યું?

લગ્ન સમારંભોમાં થતો ખર્ચ હવે કેવળ ભોજન, વસ્ત્ર અને મુખ્ય સમારંભ સુધી સીમિત નથી. નવી પ્રવૃત્તિઓ અને સેવાઓ સતત ઉમેરાતી જાય છે, જેમાં કોરિયોગ્રાફર્સ, પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ, થીમ-આધારિત સજાવટ, અને ડેસ્ટિનેશન વેડિંગ જેવી કલ્પનાઓનો સમાવેશ થાય છે. દરેક પાસા પર સ્પર્ધાત્મક ભપકો અને સુંદરતાનો દંપતી પર સીધું દબાણ રહે છે. પરિણામે, મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગ પણ આ દોડમાં સામેલ થઈ રહ્યા છે, જેનાથી લગ્નનો ખર્ચ એક સામાન્ય કુટુંબની આર્થિક ક્ષમતાથી કદાચ પાર જતો રહે છે. આ ખર્ચાળ પ્રદર્શનોનો ઉદ્દેશ્ય શું છે? શું તે સમાજમાં પ્રતિષ્ઠા સ્થાપિત કરવા માટે છે, કે ફક્ત સામાજિક દબાણને પૂર્ણ કરવા માટે?આ ખર્ચાળ ઉજવણીઓની એક વિકટ બાજુ એ છે કે તે ઘણીવાર સમાજના નાજુક વર્ગો માટે પીડાદાયક બની જાય છે. શહેરો અને ગામોમાં અતિશય મોટા અવાજે વગાડવામાં આવતા ડીજે સિસ્ટમ્સ અને બ્લાસ્ટર્સ નવજાત બાળકો, વયોવૃદ્ધો અને બીમાર વ્યક્તિઓને અત્યંત તકલીફ પહોંચાડે છે. આ તીવ્ર અવાજ હજારો વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પાડે છે, શાંતિપૂર્ણ વાતાવરણને ભંગ કરે છે. મકાનોના માળખામા પણ આ શક્તિશાળી ધ્વનિ તરંગોથી ધ્રુજારી ઉત્પન્ન થાય છે, જે લાંબા ગાળે ઇમારતોની મજબૂતાઈ પર પ્રભાવ પાડી શકે છે. રસ્તા પર ફોડવામાં આવતા ફટાકડાઓ ટ્રાફિકમાં અવરોધો અને અકસ્માતોનું કારણ બને છે.



# શિક્ષકોને - ૨

★ શિક્ષક સમાજના ઉદ્ધાર માટે છે.
★ સેવાવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિ શિક્ષકના પરમ ધર્મ ગણું છું.
★ શિક્ષક વર્તમાનમાં જીવંત રહી ભવિષ્યને ઘડે છે.

**ભાવનગર ૩૦૦** - બળદેવસિંહ ગોહિલ

ગીજુભાઈ; "શિક્ષક ભાઈઓ, હું એક બાબત આપના મનમાં સ્પષ્ટપણે સ્થાપિત કરવા માગું છું અને તે એ છે કે આ યુગમાં શિક્ષકોની એક નવી જ્ઞાતિ ઊભી થઈ રહી છે. આ જ્ઞાતિ ભાવિ યુગની છે, છતાં આજે તેના બીજાંકુર ફૂટ્યા છે. આ વાત આપણા લક્ષમાંથી કદી પણ સરકી જવી જોઈએ નહીં."

આપણે ભલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોઈએ કે અન્ય જ્ઞાતિમાંથી હોઈએ, છતાં એક વાત કદી ભૂલવી નહીં—અપણે સૌ શિક્ષકજ્ઞાતિના સભ્ય છીએ. આપણે સદાય યાદ રાખવું જોઈએ કે શિક્ષકજ્ઞાતિ એક એવી જ્ઞાતિ છે જે આપણને સંગઠિત રાખે છે. બધી જ્ઞાતિઓથી શિક્ષકજ્ઞાતિ અલગ અને સ્વતંત્ર છે. આ જ્ઞાતિનો વિકાસ સમાજ માટે ભયજનક નહીં બને, કારણ કે તેનું અસ્તિત્વ સમાજના ઉદ્ધાર માટે છે. પ્રત્યેક જ્ઞાતિનો પોતાનો જ્ઞાતિધર્મ હોય છે; એ રીતે શિક્ષકજ્ઞાતિનો પણ પોતાનો જ્ઞાતિધર્મ હોવો જોઈએ. આજે આ જ્ઞાતિ બાળ સ્વરૂપે છે, પરંતુ અલ્પકાળમાં જ તેનો વિસ્તાર એટલો વિશાળ થશે કે તેની કલ્પના આજે શક્ય નથી. આ જ્ઞાતિ અન્ય જ્ઞાતિઓના બંધનો સંપૂર્ણપણે તોડશે નહીં, પરંતુ પોતાનું વર્તુળ એટલું વિસ્તૃત કરશે કે તેમાં અન્ય જ્ઞાતિઓનો સહજ સમાવેશ થશે. આ જ્ઞાતિના સભ્ય તરીકે, આપણે આપણો ધર્મ સ્પષ્ટપણે જાણી લેવો જરૂરી છે. આ ધર્મોના પાલનમાં જે શુરવીર છે તે જ આ જ્ઞાતિમાં ટકી શકે; કાયરનું કામ અહીં રહેવાનું નથી. શિક્ષક જ્ઞાતિ ચારેય વર્ણોનું મુકુટરૂપ છે. માત્ર અધ્યયન અને અધ્યાપન જ આ જ્ઞાતિનો ધર્મ નથી. શિક્ષણની મહાસંસ્થાઓ ઊભી કરવી અને તેની વ્યવસ્થા કરવી એ શિક્ષકજ્ઞાતિનું વૈશ્યકાર્ય છે. સમાજ અને રાજ્યના આક્રમણોથી મુક્ત રહી નિર્ભયતાથી શિક્ષણકાર્ય ચલાવવું-આમાં ક્ષત્રિયવૃત્તિ છે. બધીર અને ઉચ્ચકોટિના બાળકોની ઉન્નતિ માટે જીવન અર્પણ કરવું—આ સેવાવૃત્તિ છે. અધ્યયન અને અધ્યાપન—આ બ્રાહ્મણવૃત્તિ છે.

આપણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર—ચારેય વર્ણોને એકસાથે ધારણ કરીએ છીએ; તેથી ચારેય વર્ણોના પરમધર્મો આપણા ધર્મો છે. તેમાં સેવાવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિ શિક્ષકના પરમધર્મ ગણું છું. બધી જ જાતિઓના બાળકોની સેવા માટે જીવવું એ શિક્ષકનો પ્રથમ અને મહાન ધર્મ છે. પોતે સામાજિક અને રાજકીય પારતંત્ર્યથી મુક્ત રહી બીજાને મુક્તિ આપવી—આ બીજો મહાન ધર્મ છે. અધ્યયન–અધ્યાપન ત્રીજા ક્રમે આવે છે અને ચોથા ક્રમે સંસ્થાઓની સ્થાપના તથા સાધનોનું સંચાલન છે. સાધનોવિના પણ શિક્ષણ આપી શકાય. મોટા મકાનોને બદલે ઝૂંપડીઓમાં, ખુલ્લા મેદાનોમાં, અહીં સુધી કે ભ્રમણ કરતાં પણ. અત્યાર સુધી આપેલા જ્ઞાનનું પરિણામ આપણે જોઈ ચૂક્યા છીએ. તેથી સેવાવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિને શિક્ષકના કર્તવ્યમાં પ્રથમ સ્થાન આપવું જરૂરી છે. આજે જે વ્યક્તિ સમાજની સેવા કરી શકે, સમાજ અને રાજ્યના અત્યાચારોથી જાતે મુક્ત રહી બીજાને પણ મુક્ત રાખવા પ્રયત્ન કરે—તે જ સાચો શિક્ષક છે.

૧) સેવાધર્મ : શિક્ષકનું પ્રથમ કર્તવ્ય સેવાભાવ છે. સેવાભાવવાળો શિક્ષક સેવા કરે છે અને બાળકોમાં સેવાભાવ વિકસાવે છે. આજના શિક્ષણમાં આ ભાવનાનો અભાવ જોવા મળે છે, જેના કારણે સમાજમાં સાચા સેવકોની અછત છે. શિક્ષણથકી સેવાભાવ વિકસવો જોઈએ. શાળામાં અમીર–ગરીબ, સ્પૃશ્ય–અસ્પૃશ્ય, સબળ–નિર્બળનો ભેદ ન રહે. ખાનગી ટ્યુશનોનો નાશ થાય અને સર્વસમાવેશક શિક્ષણ વિકસે. સેવા એટલે ખુશામત નહીં; તે ગુલામવૃત્તિ છે. શિક્ષક સેવક છે, ગુલામ નહીં. મિત્રભાવથી, દ્રષ્ટા રૂપે રહી, શિષ્યને માર્ગદર્શન આપવું—એ જ સાચી સેવા છે.

૨) ક્ષાત્રધર્મ : શિક્ષણકાર્ય સદૈવ સમાજ અને રાજ્યના દબાણથી મુક્ત હોવું જોઈએ. આ સ્વાતંત્ર્ય જાળવવાનું કાર્ય ક્ષાત્રશિક્ષકનું છે. સમાજ કે રાજ્ય શિક્ષણના માર્ગમાં અવરોધ કરે ત્યારે શિક્ષકે નિર્ભયતાથી તેનો વિરોધ કરવો જોઈએ. બાળકો નિર્બળ છે; તેમના હક્કોની રક્ષા કરવી શિક્ષકનો ધર્મ છે. ક્ષાત્રશિક્ષક તે બાળકના વ્યક્તિત્વને માન આપી તેના વિકાસને પ્રોત્સાહન આપે છે. ક્રોધ ઉપર નિયંત્રણ, પ્રેમ, ક્ષમાશીલતા અને નિરભિમાનપણું—આ ક્ષાત્રશિક્ષકના ગુણો છે. અભિમાન એટલે જ્ઞાનની ઓટ.

૩) બ્રાહ્મણધર્મ : જ્ઞાનસમૃદ્ધિ અને શિક્ષણકલા મહત્વની છે, પરંતુ સેવાવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિ વિના અધૂરી છે. જ્ઞાન શિક્ષકનું પરમધન છે. જ્ઞાન વિના શિક્ષક ભિક્ષુક સમાન છે. અહર્નિશ જ્ઞાનપ્રાપ્તિમાં રત રહેવું—એ જ શિક્ષકની નિષ્ઠા છે. સતત અભ્યાસ વિના આપણે ભાવિ પેઢી પર અત્યાચાર કરીએ છીએ. જ્ઞાન, જ્ઞાન અને જ્ઞાન—એ જ શિક્ષકના મનમાં રહેવું જોઈએ.

૪) વૈશ્યધર્મ : આ યુગમાં શિક્ષકમાં વૈશ્યવૃત્તિ પણ આવશ્યક છે—પરંતુ સ્વાર્થ માટે નહીં, શિક્ષણના હિત માટે. શાળાની રિદ્ધિ–સિદ્ધિ માટે. શિક્ષક સ્વતંત્ર અને નિશ્ચિત રહેશે ત્યારે જ શિક્ષણ યથાર્થ બનશે. આ વૈશ્યવૃત્તિ શિક્ષકની તપશ્ચર્યા છે અને તેમાંથી સમાજનું કલ્યાણ સધાશે.

આ ચતુર્વિધ કર્તવ્ય જો શિક્ષકો સમજીને અમલમાં મૂકે, તો શિક્ષણ, સમાજ અને દેશ—ત્રણેનું કલ્યાણ નિશ્ચિત છે.

શિક્ષકનું મહત્વ : કોઈપણ ધંધામાં પડનારે એ ધંધા માટેની યોગ્યતા જોઈએ જ. યોગ્યતા વિનાનો માણસ ધંધામાં ટકી શકે જ નહીં. કોઈ ધંધો શિક્ષકના વ્યવસાય તોલે ન આવે. શિક્ષકનો વ્યવસાય ભૂત અને વર્તમાનને જોડે છે; વર્તમાનમાં જીવંત રહી ભવિષ્યને ઘડે છે. શિક્ષકનો વ્યવસાય એટલે સમાજ જીવન સમાજશાસ્ત્ર અને સમાજભાવિ ઘડવાનો વ્યવસાય. જેમ ધંધાની મહત્તા વધારે તેમ જવાબદારી પણ વધારે. આજે શિક્ષણ આપવાનું કામ બંધ કરીએ તો આવતીકાલે મનુષ્ય જીવન અંધકારમય બને; ધાર્મિક રાજકીય અને સામાજિક હિલચાલો પણ ભાંગી જાય; અને મનુષ્ય જીવન થોડા જ વખતમાં પશુ જીવન સાથે ભળી જાય!

આ વ્યવસાય કરનાર માણસ શિક્ષક ગણાય છે. શિક્ષક કેવો હોવો જોઈએ એ વસ્તુના જ્ઞાન ઉપર માણસે શિક્ષકના વ્યવસાય જોડાવું યા ન જોડાવું , એનો નિર્ણય કરવો ઘટે છે. કહેવાય છે કે શિક્ષક જન્મે છે; બનાવાતો નથી. આ વાત સાચી હશે પણ જો શિક્ષકનો વ્યવસાય જન્મેલા શિક્ષક ઉપર અવલંબે તો થોડા જ વખતમાં તેવા માણસોની તંગીના કારણસર શિક્ષણનું કામ બંધ પડી જાય! આથી શિક્ષક થવાની કે બનવાની જરૂર છે. ઘણીવાર એવું બને જન્મથી શિક્ષકના ગુણ થોડા જ આવ્યા હોય છતાં તેઓનું ઝુંડ બનીને તેઓ સુંદરકામ બતાવી શકે છે.

માણસમાં નીચે લખ્યા પ્રમાણે ગુણો હોય તો શિક્ષક થવા વિચાર રાખાવો. કેટલીક બીજી બાબતો માણસ અનુભવથી કે અભ્યાસથી પાછળથી ભલે મેળવી લે.

૧) શિક્ષણકાર્ય — આત્મોન્નતિની સાધના છે. શિક્ષણકાર્ય અતિ પવિત્ર છે. આ કાર્ય દ્વારા અન્ય તમામ લાભો કરતાં વિશેષ આત્મોન્નતિનો લાભ પ્રાપ્ત થાય છે. શિક્ષણકાર્ય ધર્મવિહિત છે અને કલ્યાણકામનાવાળા મનુષ્યે કરવું જ જોઈએ—એવું જે દ્રઢપણે માને છે, તે પ્રથમ દરજ્જાનો શિક્ષક બનવા યોગ્ય છે. શિક્ષણકાર્ય માત્ર વિદ્યાર્થીઓને અમુક જ્ઞાન આપી દેવા માટે નથી; ન તો તે માત્ર નિષ્પાપ હોવાથી કે આજીવિકા માટે જ છે. શિક્ષણનો હેતુ પ્રજાને ઐહિક અને પરમાર્થિક—બંને પ્રકારના યથાર્થ લાભો પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવાનો છે. જે શિક્ષક આ વ્યવસાયનું રહસ્ય સમજી શકતો નથી, જે શિક્ષણને ધર્મકર્તવ્ય તરીકે સ્વીકારી શકતો નથી—તે ભલે જ્ઞાનસંપન્ન હોય, કેળવણીશાસ્ત્રનો જાણકાર હોય કે શિક્ષણપદ્ધતિમાં નિષ્ણાત હોય, છતાં તે સાચો શિક્ષક બની શકતો નથી.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે તમારે તમારી જાતને સ્વસ્થ રાખવા માટે રમત-ગમત અને કેટલીક આઉટડોર પ્રવૃત્તિઓમાં ભાગ લેવો પડશે. કારણ કે આ પ્રવૃત્તિઓમાં તમારી ભાગીદારી તમને તમારી ખોવાયેલી ઊર્જાને ફરીથી પ્રાપ્ત કરવા માટે એક મોટું કાર્ય પૂર્ણ કરવામાં સહાય કરશે. આ અઠવાડિયે તમારા માતાપિતાની સહાયથી તમે તમારા ભૂતકાળના કોઈ પણ આર્થિક સંકટમાંથી બહાર નીકળવામાં સમર્થ હશો. જેના કારણે તમે ફક્ત તમારી માનસિક તણાવથી છૂટકારો મેળવશો નહીં, પરંતુ તમારી સ્થિતિ સુધાર્યા પછી તમે યોગ્ય દિશામાં તમારા પ્રયત્નો કરવામાં પણ સફળ થશો. તમારો રમુજી સ્વભાવ સામાજિક ક્રિયા પ્રતિક્રિયાના સ્થળોએ તમારી લોકપ્રિયતામાં વધારો કરશે. જેની સાથે સમાજમાં તમારું માન અને સન્માન વધશે, તમે અનેક મહાનુભાવોનું ધ્યાન આકર્ષિત કરી શકશો.ભાગીદારીમાં વ્યવસાય કરનારા આ રકમના વતની, તેમને આ સમયગાળા દરમિયાન તમામ પ્રકારના ભૂતકાળના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ કરશે. કારણ કે આ સમય તમારી કારકિર્દી માટે વધુ સારો સાબિત થશે, જેના દ્વારા તમને ઘણી મોટી હસ્તીઓને મળવાનું અને તમારા વ્યવસાયમાં વિસ્તરણ માટેની યોગ્ય યોજનાઓ બતાવવામાં આવશે. આ અઠવાડિયે શિક્ષણ ક્ષેત્રે, તમારી રાશિના વિદ્યાર્થીઓને તે પરીક્ષાઓમાં વધુ સારા પરિણામ મળશે, જેની તેઓ લાંબા સમયથી રાહ જોતા હતા.

**વૃષભ - (બ, વ, ઉ)** તમે આ અઠવાડિયે ખૂબ સારી રીતે સમજી શકશો કે, જો તમે તમારી રૂટિનમાં યોગનો સમાવેશ કરો છો, તો તમારી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ અઠવાડિયું તમને આરોગ્યની દ્રષ્ટિએ સ્વાસ્થ્ય માટે ઘણી તકો આપશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ અઠવાડિયે તમારા મિત્ર અથવા નજીકના મિત્ર તમારી વાતો અથવા સૂચનોને વધારે મહત્વ આપશે નહીં. જેના કારણે, મિત્રો સાથે કંઈક કરતી વખતે, તમારી રુચિ અવગણશે. તમને આમાંથી માનસિક તણાવ પણ થવાની અપેક્ષા છે ઘણી વાર આપણે આપણી ક્ષમતા અંગે અહંકાર બની જઈએ છીએ, જેથી આપણે આપણી ક્ષમતાથી આગળનાં કાર્યોની જવાબદારી લઈએ. તમે આ અઠવાડિયામાં કંઈક એવું જ જોશો. આની સાથે, કોઈ એક કાર્ય કરવાને બદલે, તમે તમારી જાતને દરેક કાર્યમાં ખરાબ રીતે ફસાઈ શકો છો. આ અઠવાડિયે તમારી રાશિના જાતકોના મોટાભાગના વિદ્યાર્થીઓ ઓછી મહેનત પછી પણ સારા ગુણ પ્રાપ્ત કરી શકશે. જે ફક્ત તેમનો દિવસ જ નહીં, પરંતુ ઘર, પરિવાર અને સમાજમાં પણ તેમની પ્રશંસા અને વાહ-વાહી કરશે. આ સાથે જેમ જેમ વિદ્યાર્થીઓનું મનોબળ વધશે તેમ તેમ તેઓ પણ પહેલા કરતા વધુ સારી કામગીરી કરી શકશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે તમારી પાસે વધુ ભાવનાત્મક, ભાવનાત્મક મૂડ રહેશે. જેના કારણે તમે અન્ય લોકો સાથે ખુલ્લેઆમ વાત કરવામાં અથવા વાતચીત કરવામાં અચકાતા અનુભવો છો. આવી સ્થિતિમાં, જો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. આ અઠવાડિયે, તમારા વ્યવસાયને વિસ્તૃત કરવા માટે, તમે કોઈપણ પ્રકારની લોન અથવા ઋણ લેવાની યોજના બનાવી શકો છો. જ્યારે તમે આ સમયે બેંક અથવા કોઈ અન્ય સંસ્થા પાસેથી પણ લોન મેળવી શકશો, પરંતુ પૈસા સંબંધિત વ્યવહાર કરતી વખતે તમારે શરૂઆતથી જ ઘણી કાળજી લેવી પડશે. પારિવારિક જીવન વિશે આ અઠવાડિયે, તમે ખુશ રહી શકો છો. કારણ કે યોગ કરવામાં આવી રહ્યા છે કે પરિવારમાં નવા વાહનની ખરીદી ઘરના વાતાવરણમાં સુસંગતતા લાવશે. આ ઉપરાંત, જો કોઈ સભ્ય ઘરે લગ્ન માટે પાત્ર છે, તો તેમના લગ્નની પુષ્ટિ મેળવીને, તમને સારી વાનગીઓ ખાવાની તક પણ મળશે.

**કર્ક - (ડ, હ) :-** તમારું આરોગ્ય આ અઠવાડિયા દરમ્યાન સ્વાસ્થ્યપૂર્ણ રહેશે, પરંતુ આ સમય દરમિયાન, કોઈપણ પ્રકારની મુસાફરીને ટાળો. કારણ કે અત્યારે મુસાફરી તમારા માટે કંટાળાજનક અને તણાવપૂર્ણ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં, શક્ય તેટલું ટાળો. તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીતે તૈયાર કરવાની જરૂર રહેશે. તમારી આસપાસના પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ લોકો પ્રત્યેના સંપર્કમાં વધારો કરવા માટે, તમારા માટે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની એક સારી તક હશે. કારણ કે આ અઠવાડિયામાં અન્યને પ્રભાવિત કરવાની તમારી ક્ષમતા તમને ઘણી સકારાત્મક વસ્તુઓ આપશે.તમારી કારકિર્દીમાં સારા પરિણામ મેળવવા માટે, તમારે તમારી કાર્ય કરવાની રીત જોવાની અને જરૂરિયાત મુજબ ફેરફારો કરવાની જરૂર રહેશે. નહીં તો બોસની નજરમાં તમારી નકારાત્મક છબી ઊભી થઈ શકે છે, તેથી શરૂઆતથી જ આ વસ્તુ ધ્યાનમાં રાખો.

**સિંહ - (મ, ટ) :-** જો તમે તમારા આરોગ્ય જીવન પર નજર નાખો તો આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમય દરમિયાન તમે ઊર્જાથી ભરેલા રહેશો અને કાર્યક્ષમતા સાથે તમારા કાર્યને પૂર્ણ કરવા માટે તમામ પ્રયત્નો કરશે. આવી સ્થિતિમાં, તમારે મૂર્ખ વસ્તુઓ તરફ ધ્યાન આપવાનું બંધ કરવું પડશે. આ અઠવાડિયે તમારે સમજવું પડશે કે, જ્યાં સુધી તમારી સામે પૈસા હશે ત્યાં સુધી તમારા ખર્ચો શક્ય તેટલી ઝડપથી વધતા રહેશે. આવી સ્થિતિમાં, બધા પૈસા ખતમ થઈ જાય તે પહેલાં, તમારે તમારા વધારાના પૈસા એક સુરક્ષિત જગ્યાએ રાખવી પડશે, જ્યાંથી તેને ઉપાડવાનું તમારા માટે સરળ નથી. આ માટે તમે તે પૈસા તમારા માતાપિતાને પણ આપી શકો છો. કારણ કે આવનારા સમયમાં આ નાણાંનો ઉપયોગ કરીને, તમે તમારી જાતને ઘણી આર્થિક સમસ્યાઓથી બચાવી શકશો. તમારો રમુજી સ્વભાવ સામાજિક ક્રિયા પ્રતિક્રિયાના સ્થળોએ તમારી લોકપ્રિયતામાં વધારો કરશે. જેની સાથે સમાજમાં તમારું માન અને સન્માન વધશે, તમે અનેક મહાનુભાવોનું ધ્યાન આકર્ષિત કરી શકશો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** તમારા માટે શું સારું છે તે ફક્ત તમે જ જાણો છો, તેથી મજબૂત અને સ્પષ્ટ બનો અને તરત જ તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે નિર્ણય લો અને પરિણામનો સામનો કરવા તૈયાર રહો. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. આ અઠવાડિયે, તમારા ઘરનાં બાળકોને વધુપડતું ડિસ્કાઉન્ટ આપવું ભવિષ્યમાં મુશ્કેલીઓ .ભી કરી શકે છે. તેથી શરૂઆતથી જ તેમના અને તેમના સંગઠન પર નજર રાખવી, તેઓ કોની સાથે બેસે છે તે ધ્યાનમાં રાખો. આ અઠવાડિયે તમારા કામથી થોડો સમય કાઢવો, તમારા પ્રિયજનો સાથે વિતાવવો તમારા માટે ખૂબ મહત્વનું રહેશે. કારણ કે ફક્ત આ જ તમને બંનેને એકબીજાને સારી રીતે જાણવાની અને સમજવાની તક આપશે. જેથી તમે તમારી જાતને એક બીજાની નજીક જશો. તમે અગાઉના અધૂરા કાર્યો પૂરા કરવામાં નિષ્ફળ થઈ શકો છો જેને તમારે આ અઠવાડિયાની શરૂઆતમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે રોકવું પડ્યું હતું. જે તમારા માનસિક તાણમાં વધારો કરશે અને તે જ સમયે, એવી આશંકા છે કે આ કાર્યો તમારી પાસેથી બીજા સાથીદાર પાસે લઈ જવા જોઈએ.

**તુલા - (ર, ત) :-** જો તમે એસિડિટી, અપચો અને સંધિવા જેવા રોગોથી પરેશાન છો, તો આ અઠવાડિયામાં તમને આ રોગોથી થોડી રાહત મળશે. જો કે, આ હોવા છતાં, તમને સમય-સમય પર શરદી, જુખામ વગેરે નાની-મોટી સમસ્યાઓથી પોતાને બચાવવા સલાહ આપવામાં આવે છે. આ અઠવાડિયે તમને અચાનક પૈસા મળશે, પરંતુ આ પૈસા તમને ખૂબ ટૂંકા ગાળા માટે મળશે. તેથી, ખાસ કરીને જેઓ કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે, તેઓએ આ સમયે કોઈપણ પ્રકારનું જોખમ લેતા પહેલા એક હજાર વખત વિચાર કરવો પડશે. અન્યથા તમે પૈસા ગુમાવી શકો છો. આ અઠવાડિયામાં તમે પરિવાર માટે નવું મકાન ખરીદી શકો છો અથવા તમારા જૂના ઘરને સુંદર અને વ્યવસ્થિત બનાવવાનો નિર્ણય લઈ શકો છો. આવી સ્થિતિમાં, તમે તમારા કેટલાક પૈસા ઘરની સજાવટ પર પણ ખર્ચ કરશો. પરંતુ આ તમારી આર્થિક સ્થિતિને અસર કરશે નહીં, પરંતુ તમે પરિવારના સભ્યોની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં સફળ થશો. તમારા પ્રેમ માટે આ સમય ખૂબ અનુકૂળ રહેશે. શ્રેષ્ઠ ભાગ એ છે કે કેટલાક ખુશ નસીબ લોકોને આ અઠવાડિયામાં લવ મેરેજની ભેટ મળી શકે છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમારા સ્વાસ્થ્ય જીવન માટે આ સપ્તાહ અનુકૂળ લાગે છે. કારણ કે આ સમયે તમને કોઈ મોટી બીમારી ન થવાની સંભાવના છે, તેથી વધુ સારી તંદુરસ્તીનો આનંદ લો અને નિયમિતપણે વિટામિન-સી સમૃદ્ધ ખોરાક ખાઓ. જોબ સીકર્સને આ અઠવાડિયામાં સૌથી વધુ પૈસાની જરૂર પડશે, પરંતુ પાછલા દિવસોમાં તમારા દ્વારા કરવામાં આવેલા ઉડાઉને કારણે તેમની પાસે પૂરતા પૈસા નહીં હોય. આનાથી તમે પ્રતિકૂળતાથી પણ બે ચોગ્ગા ફેલાવી શકો છો. આ અઠવાડિયે, તમે તમારા કાર્યસ્થળથી વહેલા ઘરે આવવાનો પ્રયત્ન કરશો, જેમાં તમને સફળતા પણ મળશે. આ સમય દરમિયાન, કોઈ જૂનું કૌટુંબિક આલ્બમ અથવા જૂની ચિત્ર તમારા અને પરિવારની તમારી જૂની યાદોને તાજું કરશે, અને તમને તે સંદર્ભમાં જૂની યાદો યાદ આવશે. જેમ કે, અગાઉના અંદાજ કરતા લોકો પ્રેમમાં પડેલા લોકો માટે આ અઠવાડિયું વધુ સારું રહેશે.કારણ કે શક્ય છે કે કોઈ કારણોસર તમારો સાથી તમને નુકસાન પહોંચાડે, જે તમને આર્થિક નુકસાન પણ પહોંચાડશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે, જેના કારણે તમે તાજગી અનુભવતા હશો. આ તે સમય હશે જ્યારે તમે તમારા ખુશ વલણથી, ખુલ્લેઆમ અન્ય લોકો સાથે મજાક કરતા જોશો. આ અઠવાડિયામાં તમારે મૂર્ખ કાર્યોથી દૂર રહેવાની જરૂર રહેશે, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરવો પડશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે જો તમે તમારા નજીકના કોઈની પાસેથી કોઈ પ્રકારની રકમની માંગ કરી હોત, તો તમને તેમાં સફળતા મળશે. તેથી સમજદારીથી રોકાણ કરો, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરો. આ અઠવાડિયામાં તમે ખૂબ શક્તિથી બધું કરતા જોશો, પરંતુ કંઇક અયોગ્ય કારણે, તમારો મૂડ બગડવાની સંભાવના છે. પરિણામે, પારિવારિક જીવનમાં તમારો સ્વભાવ થોડો અસંસ્કારી લાગશે. પહેલાના દિવસોમાં જે કાર્ય મુશ્કેલ હતું, તે આ અઠવાડિયાથી સંપૂર્ણ રીતે દૂર થઈ શકે છે. જે પછી તમે તમારા ભૂતપૂર્વના તમામ અધૂરા કાર્યો સફળતા સાથે પૂર્ણ કરતા જોશો. આ સમય દરમિયાન, એવી આશંકા છે કે તમારા પરના કામનો ભાર થોડો વધશે, પરંતુ તમે યોગ્ય વ્યૂહરચના અને તમારી સમજ રજૂ કરીને કામ પ્રત્યેની તમારી બધી જવાબદારીઓ નિભાવવામાં સમર્થ હશો. તમારી રાશિના જાતકો આ અઠવાડિયામાં શિક્ષણ ક્ષેત્રે આવતી તમામ પ્રકારની સમસ્યાઓથી રાહત મળશે. જેના કારણે તમે તાણ મુક્ત સાથે તાજગી અનુભવતા હશો.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે, તમારો સ્વભાવ તમારા સ્વાસ્થ્ય વિશે થોડો વધુ જાગૃત દેખાશે. જેના કારણે તમે પહેલા કરતા વધુ સારો ખોરાક લેતા જોશો. તેથી તમારું જીવનધોરણ રાખો અને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. આ અઠવાડિયે, તમારી રાશિના લોકોના જીવનમાં, આર્થિક બાજુનો સામનો કરી રહેલા તમામ પ્રકારના પડકારો દૂર થશે. કારણ કે સાપ્તાહિક ધ્વજ બતાવે છે કે, આ સમયગાળા દરમિયાન, તમારી સંપત્તિમાં ઘણા સુંદર ઉમેરાઓ કરવામાં આવી રહ્યા છે. તેનો યોગ્ય લાભ લઈ તમે દરેક પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી તમારી જાતને ઉન્નત કરી શકશો. ઘણીવાર તમે તમારી પોતાની યોજનાઓ બનાવો છો, અન્યની ઇચ્છાઓને વધુ મહત્વ આપશો. પરંતુ આ અઠવાડિયે તમે કરી શકો છો, તમે ખૂબ પરેશાન કરી શકે છે. તેથી તમારા પરિવારના સભ્યોને આ અઠવાડિયે શું કરવું અને શું ન કરવું તે નક્કી ન થવા દો. તો જ તમે તમારી જાતને ખુશ રાખી શકશો.આ સમયે, તમારે તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. કારણ કે આ સમયે તમારી કાર્યક્ષમતા અને રચનાત્મકતા વિસ્તરશે. આવી સ્થિતિમાં, તેનો યોગ્ય લાભ લઇને, દરેક તકમાંથી તમારી કારકિર્દી નક્કી કરો. આ સમયે, કોઈ નજીકની વ્યક્તિ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં તમારી સહાય માટે આગળ આવી શકે છે. જો કે, એવી પણ આશંકા છે કે તમે તમારી જાતને સર્વોચ્ચ ગણશો, અને તેમની મદદ લેવાનો ઇનકાર કરો.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ સમયે તમારે સમજવાની જરૂર રહેશે કે માનસિક શાંતિ માટે શરીરને દબાણ આપવાને બદલે, તાણના કારણને ધ્યાનમાં લેવું તે યોગ્ય છે. અને આ તથ્યને સમજીને તમારે આ અઠવાડિયે પોતાને તાણ મુક્ત રાખવાનો પ્રયાસ કરવો પડશે. આ અઠવાડિયે તમારી સામે કોઈ નવી યોજના સાથે કોઈ તમને નવી કરારના ફાયદા બતાવી શકે છે. આવી સ્થિતિમાં, કોઈ મૂર્ખ કાર્ય ન કરો, ઉતાવળથી નિર્ણય લેવાનું ટાળો, કારણ કે તમને તેનાથી અપેક્ષિત લાભ મળશે નહીં. પિતાના સ્વાસ્થ્યમાં પણ આ અઠવાડિયામાં સકારાત્મક પરિવર્તનની પૂર્ણ અવકાશ છે. જેના કારણે તમે તેમની સાથે ઘણાં ઘરેલું મુદ્દાઓની ચર્ચા કરતાં તેમની સાથે સમય પસાર કરતા જોશો. આ ફક્ત તમારા પિતા સાથેના તમારા સંબંધને સુધારવામાં સહાય કરશે નહીં, પરંતુ તમારા પિતા પણ તમને ટેકો આપવા માટે સક્ષમ હશે.રોજગાર લોકોએ આ અઠવાડિયામાં ઓફિસની આસપાસ વાત કરવાનું ટાળવું જોઈએ. અન્યથા તમે તમારી જાતને કાર્યસ્થળની રાજનીતિમાં ફસાઈ શકો છો, જે તમારી છબીને નુકસાન પહોંચાડશે. આ અઠવાડિયે, તકો છે, તમે તમારા ઘણા વિષયોને સમજવામાં તમામ પ્રકારની મુશ્કેલીઓથી છૂટકારો મેળવશો. કારણ કે આ સમયે તમે તમારી જાતને તમારા વ્યક્તિગત જીવનના ઉતાર-ચડાવમાંથી બહાર કાઢવામાં સંપૂર્ણપણે સફળ થશો, જેનાથી તમારું મન અધ્યયનમાં વધુ વ્યસ્ત થઈ જશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** જો કોઈ કાયદાની અદાલતમાં કેસ સ્થગિત કરવામાં આવે છે, તો તમે તેના પરિણામ વિશે વિચાર કરીને પોતાને ગભરાવી શકો છો. જેના કારણે પરિવારનું વાતાવરણ પણ અશાંત દેખાશે. ગ્રહોની હાજરી એ પણ સૂચવે છે કે આ સમયગાળા દરમિયાન તમારી પાસે કેટલાક અનિચ્છનીય ખર્ચ થવાની સંભાવના છે. જો કે, તમારી આવકમાં સતત વધારો થવાને કારણે, આ ખર્ચની અસર તમારા જીવનમાં દેખાશે નહીં અને તમે તમારા આરામ પર થોડો ખર્ચ કરી શકશો. તેથી, તમારા માટે આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ અઠવાડિયે તમારા વર્તનને જોઈને, અન્ય લોકોને લાગે છે કે તમે ફેમિલી-ફ્રન્ટ પર ખૂબ ખુશ નથી અને તમે તમારા અંગત જીવનમાં આવી ઘણી અડચણોનો સામનો કરી રહ્યા છો. જેના કારણે તમે અંદરથી ગૂંગળામણ અનુભવી રહ્યા છો. તમારા આ વર્તનને લીધે, તમારે તમારા કાર્યક્ષેત્રમાં તમારું મન મૂકવામાં થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તમારી રાશિના પ્રેમીઓ પ્રકૃતિ દ્વારા જુસ્સાદાર અને સંભાળ રાખે છે.તમારી કરિયર ની કુંડળી મુજબ આ રાશિના વેપારીઓ આખા અઠવાડિયામાં અંધાધૂંધીથી છૂટકારો મેળવીને પ્રશંસા અને પ્રગતિ પ્રાપ્ત કરશે કારણ કે આ સમય તમને ભાગ્યનો સાથ આપશે, જેના કારણે તમે ઓછી મહેનત પછી પણ શુભ પરિણામ પ્રાપ્ત કરી શકશો.

# "ફરીથી ચેમ્પિયન" આરસીબીના ટાઈટલ જીત પર વિરાટ કોહલીની પોસ્ટ વાયરલ થઈ, મંધાના માટે ખાસ નોંધ

નવીદિલ્હી,

દિલ્હી કેપિટલ્સને ૬ વિકેટથી હરાવીને મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ નો ખિતાબ જીત્યો. આ ઈઝમ્નું બીજું ડબ્લ્યુપીએલ ટાઈટલ છે. ટાઈટલ જીત્યા પછી, આરસીબીને ક્રિકેટ જગતના દિગ્ગજો તરફથી સતત અભિનંદન મળી રહ્યા છે. ચાહકો સહિત ઘણા ક્રિકેટ દિગ્ગજોએ સોશિયલ મીડિયા પર ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ દરમિયાન, વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આરસીબી મહિલા ટીમને તેમની સિદ્ધિ પર અભિનંદન આપ્યા. કોહલીએ





આરસીબીને આ જીત માટે લાયક ગણાવ્યું.આરસબીની જીત પછી, વિરાટ કોહલીએ એક હૃદયસ્પર્શી પોસ્ટ શેર કરી. તેણે ઈન્સ્ટાગ્રામ પર ટીમના ઉજવણીનો ફોટો શેર કરીને લખ્યું, "અમે ફરીથી ચેમ્પિયન છીએ. ખેલાડીઓએ આરસીબીના ધ્વજને ઊંચો રાખ્યો છે, અને આ એક એવી સિદ્ધિ છે જેના પર તમે બધા ગર્વ કરી શકો છો. આ નોંધપાત્ર વિજય માટે સ્મૃતિ મંધાના, સમગ્ર ટીમ અને ટીમ મેનેજમેન્ટને હાર્દિક અભિનંદન. તમે બધા આ જીતને પાત્ર છો. આ ક્ષણનો આનંદ માણો અને અમારા અદ્ભુત ચાહકોનો પ્રેમ અનુભવો."આ પહેલી વાર છે જ્યારે એક જ ફ્રેન્ચાઈઝીએ આઈપીએલ અને ડબ્લ્યુપીએલ બંને ટાઈટલ જીત્યા છે. આરસીબી પુરુષોની ટીમ ગત આઈપીએલ ચેમ્પિયન છે, જ્યારે મહિલા ટીમ ૨૦૨૬ માં ચેમ્પિયન બની હતી. આ ત્રણ વર્ષમાં આરસીબીની સતત ત્રીજી ટ્રોફી છે. આરસીબી ટીમે ૨૦૨૪ માં ડબ્લ્યુપીએલ, ૨૦૨૫ માં આઈપીએલ અને હવે ૨૦૨૬ માં ડબ્લ્યુપીએલ જીતી છે. કોહલી આઈપીએલની શરૂઆતથી આરસીબીનો ભાગ છે. તેણે આઈપીએલ ટ્રોફી જીતવા માટે ૧૭ વર્ષ રાહ જોઈ. તે ટીમના મહાન ખેલાડીઓમાંનો એક છે.

વિરાટ કોહલી ટેસ્ટ અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. તે હવે ફક્ત આઈપીએલ અને વનડે ફોર્મેટમાં જ રમે છે. વિરાટ કોહલી ફરી એકવાર આઈપીએલ ૨૦૨૬ માં આરસીબી માટે રમશે. વિરાટ હાલમાં ઉત્તમ ફોર્મમાં છે અને આઈપીએલમાં તે ફોર્મ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. આરસીબી ફ્રેન્ચાઈઝી આ સિઝનમાં તેના આઈપીએલ ટાઈટલને બચાવવાનું લક્ષ્ય રાખશે.

# ચેમ્પિયન બન્યા પછી આરસીબી પર પૈસાનો વરસાદ થયો છે,આરસીબીને ૬ કરોડ મળ્યા

નવીદિલ્હી,

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે બીજી વખત વિમેન્સ પ્રીમિયર લીગ ટાઈટલ જીત્યું છે. ૫ ફેબ્રુઆરીના રોજ બીસીએ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં આરસીબીએ દિલ્હી કેપિટલ્સ (ડીસી) સામે ૬ વિકેટથી જીત મેળવી હતી. આ પહેલા આરસીબીએ ડબ્લ્યુપીએલ ૨૦૨૪નો ખિતાબ જીત્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સની વાત કરીએ તો, તેઓએ ૨૦૨૩ અને ૨૦૨૫માં ડબ્લ્યુપીએલ ટ્રોફી જીતી હતી. દરમિયાન, દિલ્હી કેપિટલ્સ સતત ચોથી વખત ફાઈનલમાં પહોંચ્યું હતું અને ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહ્યું હતું.

ચેમ્પિયન બન્યા પછી આરસીબી પર પૈસાનો વરસાદ થયો છે.ડબ્લ્યુપીએલ ૨૦૨૬ ફાઈનલ જીતનાર ઈઝમ્ ને ૬ કરોડ મળ્યા. રનર-અપ દિલ્હી કેપિટલ્સ પણ ખાલી હાથે પાછા નહીં ફરે; તેમને સમગ્ર સિઝન દરમિયાન તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ૩ કરોડ મળશે. ડબ્લ્યુપીએલની પહેલી સીઝનથી ઈનામી રકમ યથાવત રહી છે. અત્યાર સુધીમાં, મુંબઈ ઈન્ડિયન્સે બે વાર ટાઈટલ જીત્યું છે, જેમાં પ્રત્યેકને ૬ કરોડની કમાણી થઈ છે, જ્યારે આરસીબીને ૨૦૨૪નો ટાઈટલ જીત્યા પછી એટલી જ રકમ મળી હતી. આ સિઝનમાં, ગુજરાત જાયન્ટ્સ દિલ્હી સામે હારી ગયા પછી એલિમિનેટર સુધી પહોંચી હતી. તેથી, ગુજરાતની ટીમને કોઈ ઈનામ રકમ મળી ન હતી.

આ ઉપરાંત, ટોચના રન-સ્કોરર (ઓરેન્જ કેપ), ટોચના વિકેટ લેનાર (પર્પલ કેપ) અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટને ૫ લાખ મળ્યા. આ સિઝનમાં સૌથી વધુ છગ્ગા મારનારા અને શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ ધરાવતા ખેલાડીઓને પણ ૫ લાખ મળ્યા. સ્મૃતિ મંધાના અને સોફી ડિવાઈને ડબ્લ્યુપીએલ ૨૦૨૬ માં ઓરેન્જ કેપ અને પર્પલ કેપ એવોર્ડ જીત્યા હતા. હરમનપ્રીત કૌરને સૌથી વધુ છગ્ગા મારવા બદલ ૫ લાખ મળ્યા હતા. ગ્રેસ હેરિસને સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સિઝનનો એવોર્ડ મળ્યો હતો.આ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ખાસ હતી. પહેલા બેટિંગ કરતા, દિલ્હી કેપિટલ્સે ૨૦૩ રન બનાવ્યા અને આરસીબી માટે ૨૦૪ રનનો લક્ષ્યાંક રાખ્યો.ડબ્લ્યુપીએલના ઈતિહાસમાં આટલા મોટા લક્ષ્યનો ક્યારેય પીછો કરવામાં આવ્યો ન હતો.

# સ્મૃતિ મંધાનાએ ડબ્લ્યુપીએલ ફાઈનલમાં ઈતિહાસ રચ્યો, અડધી સદી સાથે સિદ્ધિ હાંસલ કરી



નવીદિલ્હી,

મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ ફાઈનલ ૫ ફેબ્રુઆરીએ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં, આરસીબીએ દિલ્હીને ૬ વિકેટથી હરાવીને બીજી વખત મહિલા પ્રીમિયર લીગ ટાઈટલ જીત્યું. સ્મૃતિ મંધાનાએ ફાઈનલમાં આરસીબીની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાયેલી ૨૦૨૬ ની ફાઈનલમાં તેણીએ માત્ર ૪૧ બોલમાં ૮૭ રન બનાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો. આ સાથે, તે હવે કોઈપણ મહિલા પ્રીમિયર લીગ ફાઈનલમાં સૌથી વધુ ઈનિંગ્સ રમનારી બેટ્સમેન બની ગઈ છે.

આરસીબીની સ્ટાર બેટ્સમેન જ્યોર્જિયા વોલ પણ આ યાદીમાં બીજા નંબરે છે. વોલે તે જ મેચમાં શાનદાર બેટિંગ કરી હતી, જેમાં ૫૪ બોલમાં મહત્વપૂર્ણ ૭૯ રન બનાવ્યા હતા. મંધાના અને વોલે આ મેચમાં માત્ર વ્યક્તિગત રેકોર્ડ જ બનાવ્યા ન હતા, પરંતુ ફાઈનલના દબાણ હેઠળ પણ ઉત્તમ બેટિંગ પ્રદર્શન દર્શાવ્યું હતું. અગાઉ, મહિલા પ્રીમિયર લીગ ફાઈનલમાં સૌથી વધુ ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન હરમનપ્રીત કૌરના નામે હતો, જેમણે ૨૦૨૫ ની ફાઈનલમાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ૬૬ રન બનાવ્યા હતા. હવે, તે આ યાદીમાં ત્રીજા નંબરે પહોંચી ગઈ છે.

મુંબઈ ઈન્ડિયન્સની સ્ટાર બેટ્સમેન નેટ સીવર-બ્રન્ટ સ્ટાર ખેલાડીઓની આ યાદીમાં ચોથા ક્રમે છે. તેણીએ ૨૦૨૩ માં પ્રથમ મહિલા પ્રીમિયર લીગ ફાઈનલમાં ૫૫ બોલમાં અણનમ ૬૦ રન બનાવીને પોતાની ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. દિલ્હી કેપિટલ્સની કેપ્ટન જેમીમા રોડ્રિગ્ઝ પાંચમા ક્રમે છે. જેમીમાએ ૨૦૨૬ ની ફાઈનલમાં ૩૭ બોલમાં ૫૭ રન બનાવીને આ યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. આ પ્રભાવશાળી ઈનિંગ છતાં, તેની ટીમ મેચ હારી ગઈ.

# શ્રીલંકા ક્રિકેટ બોર્ડે ઈન્ડિયા વિરૂધ્ધ પાકિસ્તાન મેચના બહિષ્કાર અંગે પીસીબીને ધમકી આપી

કોલબો,

૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપ આવતીકાલે (૭ ફેબ્રુઆરી) થી શરૂ થશે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં પાકિસ્તાનની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી. હકીકતમાં, ભારત વિરૂધ્ધ પાકિસ્તાન મેચ ૧૫ ફેબ્રુઆરીએ યોજાવાની છે. પરંતુ પાકિસ્તાને મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકા ક્રિકેટ બોર્ડે હવે કાર્યવાહી કરી છે. જો આ વર્લ્ડ કપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ નહીં યોજાય, તો તે શ્રીલંકાને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે. પરિણામે, શ્રીલંકા ક્રિકેટ બોર્ડે પાકિસ્તાનને એક પત્ર લખ્યો છે, જેમાં ૨૦૦૯ ના આતંકવાદી હુમલાનો પણ ઉલ્લેખ છે.



તેના બે પાનાના પત્રમાં, એસએલસીએ પીસીબીને શ્રીલંકાના ભૂતકાળના મુશ્કેલ સમયમાં પાકિસ્તાનને આપેલા સમર્થનની યાદ અપાવી અને બોર્ડને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરી. પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો મેચ યોજના મુજબ આગળ નહીં વધે, તો તે શ્રીલંકાને નોંધપાત્ર નાણાકીય, લોજિસ્ટિકલ અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "અમે રેકોર્ડ પર મૂકવા માંગીએ છીએ કે શ્રીલંકા આઈસીસી મેન્સ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે, ખાસ કરીને શ્રીલંકાને સોંપાયેલ મેચોના યજમાન સ્થળ તરીકે. આ મેચોને લગતી તમામ વ્યાપારી, ઓપરેશનલ, લોજિસ્ટિકલ અને સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ છે, જેમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચની ટિકિટનું વેચાણ પણ સામેલ છે." પત્રમાં વધુમાં જણાવાયું છે કે ચાહકોએ ભારત-પાકિસ્તાન મેચ માટે ટિકિટ ખરીદવામાં ખૂબ રસ દાખવ્યો છે, પરંતુ જો પાકિસ્તાન નહીં રમે તો તેનાથી નોંધપાત્ર નુકસાન થશે.શ્રીલંકાએ પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે આ મોટી મેચનું આયોજન ન કરવાથી પ્રતિકૂળ પરિણામો આવશે. શ્રીલંકાને આર્થિક અને પર્યટન આવકનું નુકસાન થશે.

# દક્ષિણ ભારતીય ફિલ્મ અભિનેત્રી અંજુ કૃષ્ણાની ધરપકડ કરવામાં આવી છે,ડ્રગ્સ સાથે પકડાઈ

ચેન્નાઈ,

તમિલ અને મલયાલમ ફિલ્મ ઉદ્યોગની જાણીતી અભિનેત્રી અંજુ કૃષ્ણાની તાજેતરમાં ચેન્નાઈમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ધરપકડના સમાચારથી ફિલ્મ ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. અહેવાલો અનુસાર, એન્ટી-નાર્કોટિક્સ ઈન્ટેલિજન્સ યુનિટની દક્ષિણ ભારતીય ટીમે વલસારવક્કમ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, અંજુ કૃષ્ણ અને અન્ય લોકોની અટકાયત કરવામાં આવી હતી. ટીમે મેથામ્ફેટામાઈન અને ગાંજો જેવા પ્રતિબંધિત પદાર્થો જપ્ત કર્યા.



ધરપકડ કરાયેલા લોકોમાં અંજુ કૃષ્ણા, સહાયક નિર્દેશક વિન્સી નિવેધા, કાર્તિક રાજા, યશવંત, શ્રીરામ, અલ્વિબિંશા અને વેંકટેશ કુમારનો સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, દરોડા દરમિયાન છ ગ્રામ મેથામ્ફેટામાઈન, સાત ગ્રામ ઓજી ગાંજો, ૧૫ ગ્રામ ગાંજો, એક એલએસડી સ્ટેમ્પ અને નવ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.

આ કેસમાં નામ આવે તે પહેલાં, અંજુ કૃષ્ણા તમિલ અને મલયાલમ ફિલ્મોમાં તેની અભિનય પ્રતિભા માટે જાણીતી હતી.

# 'હેપ્પી બર્થડે ટુ બેબી પાપા', પતિ અભિષેક બચ્ચનના જન્મદિવસ પર ઐશ્વર્યા રાય પ્રેમ વરસાવે છે

મુંબઇ,

બોલીવુડ સ્ટાર અભિષેક બચ્ચન આજે ૫૦ વર્ષના થયા, અને ઘણા ફિલ્મ સ્ટાર્સે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. પરંતુ શુભેચ્છાઓના પૂર વચ્ચે, એક ઈચ્છા બહાર આવી, જે તેમની પત્ની અને મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાય તરફથી આવી. અભિષેકનો બાળપણનો ફોટો શેર કરતા ઐશ્વર્યાએ લખ્યું, "પ્રિય બેબી પપ્પા, ૫૦મા જન્મદિવસની શુભકામનાઓ. તમને ખુબ ખુબ પ્રેમ, શાંતિ અને ખુશી મળે. તમે હંમેશા ચમકતા અને ખુશ રહો, આ મારી પ્રાર્થના છે." આજે સવારે, બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચને તેમના પુત્ર, અભિનેતા અભિષેક બચ્ચનને જન્મદિવસની શુભેચ્છાઓ મોકલનારા ચાહકો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો.એક બ્લોગ પોસ્ટમાં, અમિતાભ બચ્ચને અભિષેકના ૫૦મા જન્મદિવસ પર એક મીઠી સંદેશ સાથે પોતાના વિચારો શેર કર્યા. તેમણે લખ્યું, "હું અભિષેકને તેના ૫૦મા જન્મદિવસ પર શુભેચ્છાઓ મોકલનારા દરેકનો હૃદયપૂર્વક આભાર અને પ્રેમ વ્યક્ત કરું છું. તમારા આશીર્વાદ તેને આગળ વધવા માટે હિંમત અને શક્તિ આપે. પ્રેમ અને સ્નેહ." અભિષેક બચ્ચનને બોલિવૂડ ઉદ્યોગમાં તેના સહ-કલાકારો અને મિત્રો તરફથી પણ શુભેચ્છાઓ મળી. અભિનેતા જેકી શ્રોફે "ગુરુ" સ્ટારના ફોટા સાથેનો એક વિડિઓ શેર કર્યો અને લખ્યું, "ઘણો ખુબ ખુબ પ્રેમ."કામના મોરચે, અભિષેક બચ્ચન ૨૦૨૫ માં સતત બે રિલીઝ થઈઃ "હાઉસફુલ ૫" અને "કાલીધર લપતા". અભિષેકે "આઈ વોન્ટ ટુ ટોક" માં તેના અભિનય માટે ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ ૨૦૨૫ માં તેનો પહેલો શ્રેષ્ઠ અભિનેતા (પુરુષ) એવોર્ડ જીત્યો. આ ફિલ્મ અર્જુન સેન નામના એક બંગાળી યુવાનની વાર્તા કહે છે, જે અમેરિકન સ્વપ્નને અનુસરતી વખતે, શોધે છે કે તેની પાસે જીવવા માટે ફક્ત ૧૦૦ દિવસ બાકી છે. આ ફિલ્મ તેની સાત વર્ષની અલગ રહેતી પુત્રી સાથે ફરીથી જોડાવાના તેના પ્રયાસો દર્શાવે છે. અભિષેક પાસે હવે પાંચથી વધુ ફિલ્મો રિલીઝ થવાની છે અને ટૂંક સમયમાં તે મોટા પડદા પર જોવા મળશે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | ણે | ર | ર | જ્ઞા | બા | કા | સ | સા | ગુ | વા | રી |
| ઈ | ગ | આ | ણ | ડો | ડ | મ | રો | ફ | લા | બા | સ |
| મ | આ | અ | ર | મા | વા | ગ | ગ | આ | મ | વા | ખ |
| ખ | ધ | મા | શિ | ઑ | સ | જ્ઞા | ઊ | ખ | ધ | કા | ર |
| ચ | બૂ | ગુ | મ | ના | મ | શિ | ગુ | પ્ર | ઈ | ત | લા |
| દા | ક | પ્ર | ળ | સા | શ | મા | ઈ | વા | ક્ષ | ત | પ્ર |
| સા | કા | ચા | મ | બિ | ન | અ | તા | પ | સ | જ્ઞા | ગ |
| કુ | સા | ચ | ર | શિ | ક | જ્ઞા | પ્ર | ગં | વિ | ઝ | ડો |
| જ | ણ | દ | મ | કી | ન | ન | મ | વિ | લ | ક્ષ | કા |
| ડ | બ | હિ | સ | ચી | ધ | ક | ણ | મ | ક | લા | લ |
| શ | મ | ધ | ગ | ક્ષ | જ્ઞા | સ | ન | ક્ષ | દ | ધ | મા |
| બિ | ઐ | રી | ભા | વ | કી | ર | કા | વા | દ | ર | લ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# 'ધુરંધર ૨' માં રણવીર સામે યામી ગૌતમની એન્ટ્રી!



મુંબઈ,

યામી ગૌતમ 'ધુરંધર ૨' માં જોવા મળશે. બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યા પછી આદિત્ય ધરની તાજેતરમાં રિલીઝ થયેલી 'ધુરંધર' ઓટીટી પ્લેટફોર્મ પર પણ દિલ જીતી રહી છે. હવે, ચાહકો 'ધુરંધર ૨' ની સિક્વલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેનું ટીઝર ૩ ફેબ્રુઆરીએ લોન્ચ થયું હતું. જ્યારે આખી દુનિયા આ ફિલ્મ માટે પોતાનો ક્રેઝ બતાવી રહી છે, ત્યારે દિગ્દર્શક આદિત્ય ધારની પત્ની અને અભિનેત્રી યામી ગૌતમ પણ તેની ચાહક બની ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, 'ધુરંધર ૨' માં રણવીર સિંહ સાથે યામી ગૌતમ પણ એક નાની ભૂમિકામાં જોવા મળશે.'ધુરંધરઃ ધ રીવેન્જ', જેને 'ધુરંધર ૨' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની રિલીઝ નજીક આવી રહી છે. આ ફિલ્મ અંગે એક રસપ્રદ વાત સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં આદિત્ય ધરની પત્ની એક ખાસ ભૂમિકામાં જોવા મળશે. રિપોર્ટ અનુસાર, યામી ગૌતમ પણ રણવીર સિંહની એક્શનથી ભરપૂર સિક્વલમાં જોડાઈ છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે યામી ફિલ્મમાં ખૂબ જ ખાસ અને આશ્ચર્યજનક કેમિયોમાં દેખાશે, જે દર્શકોને ચોક્કસ આશ્ચર્યચકિત કરશે. યામીનો કેમિયો ફિલ્મનો ટર્નિંગ પોઈન્ટ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

# જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આગામી તા.૧૧ થી તા.૧૪ ફેબ્રુઆરી સુધી રાત્રે સાંસ્કૃતિક કાયક્રમનું આયોજન

## કલાકાર મૈથીલી ઠાકુર, સુરેશ વાડકર, પાર્થ ઓઝા, ગીતાબેન રબારી સહિતના કલાકારો ભજન, સંતવાણીની પ્રસ્તુતી કરશે

જૂનાગઢ, મહાશિવરાત્રી મેળા દરમિયાન જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થનાર છે.જેના અનુસંધાને આજ રોજ સાંસ્કૃતિક કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસની સામે, ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે આગામી તા.૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી દરરોજ સાંસ્કૃતિક કાયક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ચાર દિવસીય આ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત કલાકારો દ્વારા સંગીતમય પ્રસ્તુતિઓ કરવામાં આવશે.આ ઉપરાંત સ્થાનિક કલાકારો દ્વારા પણ ભજન, લોકગીત, સંગીતની પ્રસ્તુતી કરવામાં આવશે. ત્યારે આ બેઠકમાં કલેક્ટરશ્રીએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે,પ્રથમ દિવસે તા. ૧૧ ફેબ્રુઆરી ના રોજ રાત્રે પ્રખ્યાત લોક તથા શાસ્ત્રીય ગાયિકા મૈથિલી ઠાકુર પોતાની સુરીલી રજૂઆત કરશે.બીજા દિવસે તા. ૧૨ ફેબ્રુઆરી ના રોજ ભારતના વિખ્યાત પાશ્વ ગાયક સુરેશ વડકર દ્વારા ભક્તિરસભર ગીતોની મનમોહક પ્રસ્તુતિ થશે. ત્રીજા દિવસે તા. ૧૩ ફેબ્રુઆરી ના રોજ પ્રખ્યાત ગાયક પાર્થ ઓઝા દ્વારા લોકસંગીત, સુગમ સંગીત તથા ભજનની રંગારંગ રજૂઆત કરવામાં આવશે. અંતિમ દિવસે તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કચ્છની કોયલ તરીકે જાણીતા લોકપ્રિય લોકગાયિકા ગીતાબેન રબારી પોતાની લોકપ્રિય લોકસંગીતની પ્રસ્તુતિથી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરશે.

મહાશિવરાત્રી મેળા દરમિયાન આ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમ ૨ સેશનમાં યોજાનાર છે. જેમાં સાંજે સ્થાનિક કલાકારો ભજન, સંતવાણીની પ્રસ્તુતી કરશે. જેમાં તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ લોકગાયક શ્રી દિવ્યેશ જેઠવા, શ્રી સાગર કાચા, હાસ્ય કલાકાર શ્રી જીતુભાઈ દ્વારકાવાળા,તા.૧૨ ફેબ્રુઆરીના રોજ લોકગાયક, સંગીતકાર નાણાવટી બ્રધર્સ, શ્રી વિપુલભાઈ ત્રિવેદી, શ્રી દર્પિત દવે, લોકગાયક સુશ્રી તરલાબેન સોમાણી,તા.૧૩ ફેબ્રુઆરીના રોજ લોક સાહિત્યકાર શ્રી હરેશભાઈ સુરુ, શ્રીજીતુભાઈ દાદ, લોકગાયક સુશ્રી નીરૂબેન દવે, લોકસાહિત્યકાર શ્રી રાજદાન ગઢવી,તા.૧૪ ના રોજ લોક સાહિત્યકાર શ્રી શિવરાજ વાળા, શ્રી અમુદાન ગઢવી, લોક ગાયક શ્રી દીપકભાઈ જોશી,શ્રી મયુરભાઈ દવે પોતાની કલાની પ્રસ્તુતી કરીને શ્રોતાગણને મંત્રમુગ્ધ કરશે.

આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી સુબોધ ઓડેદરા,નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ, પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢના મહાશિવરાત્રીના મેળા માટે રાજકોટ એસ.ટી. વિભાગ ૩૦ બસો દોડાવશે

## જુનાગઢ વિભાગ દ્વારા જ ૩૩૦ મોટી અને ૮૫ મીની બસો દોડાવાશે

રાજકોટ, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ જુનાગઢમાં મહાશિવરાત્રી પર્વે યોજાતા ઐતિહાસિક મેળામાં લોકો સરળતાથી જઈ શકે તે માટે એસટી તંત્ર દ્વારા ખાસ એકસ્ટ્રા બસો દોડાવવાનું આયોજન હાથ ધર્યું છે. ખાસ કરીને રાજકોટ અને જુનાગઢ સહિત સૌરાષ્ટ્ર ભરમાંથી મહાશિવરાત્રીના મેળા માટે એસટી વિભાગ દ્વારા એકસ્ટ્રા બસો દોડાવવામાં આવનાર છે.

આ અંગેની એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ સૌથી વધુ એકસ્ટ્રા બસો જુનાગઢ વિભાગ તરફથી દોડાવવામાં આવનાર છે. આ અંગે જુનાગઢના વિભાગીય નિયામક ડાંગરનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે આગામી તા.૧૧થી મહાશિવરાત્રીના મેળા અંતર્ગત જુનાગઢ એસટી વિભાગ દ્વારા ૩૩૦ જેટલી એકસ્ટ્રા બસો સૌરાષ્ટ્રભર સહિત અમદાવાદના રૂટો ઉપર દોડાવવામાં આવનાર છે. વિભાગીય નિયામક વધુમાં જણાવેલ હતું કે જુનાગઢ શહેરથી ભવનાથ તળેટી સુધી જવા માટે પણ એસટી ૮૫ મીની એકસ્ટ્રા બસો દોડાવશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે આગામી તા.૧૫ને રવિવારના રોજ મહાશિવરાત્રી છે. આથી મહાશિવરાત્રીના મેળામાં ભકતોનો ટ્રાફીક વધુ થવાની સંભાવના છે. જેના પગલે એસટી તંત્ર દ્વારા તા.૧૧થી એકસ્ટ્રા બસો દોડાવવાની શરૂઆત કરવામાં આવશે.

દરમ્યાન મહાશિવરાત્રીના મેળા અનુસંધાને રાજકોટ એસટી વિભાગ દ્વારા પણ ૩૦ એકસ્ટ્રા બસો દોડાવવાનું આયોજન હાથ ધરાયું છે. રાજકોટ ઉપરાંત ગોંડલ, ઉપલેટા, સુરેન્દ્રનગર સહિતના જુદા જુદા ડેપો ઉપરથી રાજકોટ એસટી વિભાગ એકસ્ટ્રા બસો દોડાવશે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની શિબિરાર્થી બહેનોએ ખડક ચઢાણ તાલીમ પૂર્ણ કરી

જૂનાગઢ, રાજય સરકારના રમતગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૨૮/૦૧/૨૦૨૬ થી તા.૦૬/૦૨/૨૦૨૬ દરમિયાન જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ના કુલ ૧૦૦ તેમજ અન્ય ૧૦ મળી કુલ ૧૧૦ તાલીમાર્થી બહેનોએ પર્વતારોહણની તાલીમ લીધી હતી.

શિબિરના સમાપન કાર્યક્રમમાં ડો. આર. એમ. સોલંકી નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ડો. એચ. આર. વદર આચાર્ય, અસ્પિ કૃષિ મહાવિદ્યાલય ખાપટ, પોરબંદર, ડો. એલ. સી. વેકરીયા આચાર્ય, કૃષિ પોલીટેકનીક, સીદસર , પ્રો. ડી. આર. વઘાસીયા, ફિઝીકલ ઈન્સ્ટ્રકટર, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ તથા ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ.રાઠોડના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કર્વામાં આવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ ડો. આર. એમ. સોલંકી નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી એ તાલીમાર્થીઓને ને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે , જીવનમાં આગળ ઘણી મુશકેલીઓ આવશે પણ ગભરાયા વગર સામનો કરવો તથા પર્વતારોહણથી શારીરિક અને માનસિક રીતે મજબુત થવાય છે. સાહસ, આત્મવિશ્વાસ અને ટીમ ભાવના સાથે કામ કરતા શીખાય છે. ડો. એચ. આર. વદર આચાર્યએ તાલીમાર્થીઓને પર્વતારોહણના બેઝિક કોર્સની સફળતા બાદ , એડવાન્સ અને કોચિંગ કોર્સ પણ શિબિરર્થીઓ કરી પર્વતારોહણ ક્ષેત્રે જૂનાગઢ અને ગુજરાતનું નામ રોશન કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડએ શાબ્દિક અભિવાદન કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન દિયા આચાર્યા તેમજ સ્વાતિ હિરપરા એ કર્યુ હતુ. કાર્યક્રમની આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર પ્રદીપકુમારએ કરી હતી.

આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં અંબર વિષ્ણુ , પ્રદીપકુમાર રાજસ્થાન, ભરતસિંહ પરમાર, રોહિત વેગડ, ખુશાલી સુરાણી ભાવનગર, ચોહાણ સંજય રાજુલા, જીનલકુવર સોલંકી બનાસકાંઠા, નિકિતા ચૌધરી ગાંધીનગર, પ્રિયા મયાત્રા માણાવદર, બિંદીયા પટેલ નવસારીએ શિબિરર્થીઓને તાલીમ આપી હતી.

# સોમનાથમાં મહાશિવરાત્રીના પર્વને અનુસંધાને વન-વે રૂટ અને પ્રવેશબંધી

## શ્રદ્ધાળુઓ માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેરનામું પ્રસિદ્ધ

મિતેશ પરમાર,વેરાવળ, બાર જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના આંગણે મહાશિવરાત્રીનું પર્વ ઉજવવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ આવતા હોય છે. જેથી ટ્રાફિકની સમસ્યા નિવારવા તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એન.વી.ઉપાધ્યાય દ્વારા તા. ૦૯ ફેબ્રુઆરી થી લઈ અને તા. ૨૦ ફેબ્રુઆરી સુધી સોમનાથમાં વન-વે રૂટ અને પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

ગીર સોમનાથ જિલ્લો સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ ધરાવતો જિલ્લો છે. મહાશિવરાત્રીના પર્વને અનુલક્ષી દેશ-વિદેશમાંથી અસંખ્ય લોકો યાત્રાધામની મુલાકાતે આવતાં હોય છે ત્યારે, જાહેરનામા અનુસાર સફારી બાયપાસ તરફથી ગુડલક સર્કલ થઈ વેણેશ્વર આવતા તમામ પ્રકારના વાહનો એકમાર્ગીય રીતે ન્યૂ ગૌરીકુંડ થઈ સોમનાથ ટ્રસ્ટ પાર્કિંગમાં આવશે અને યાત્રાળુઓ દર્શન કરી પરત ફરે ત્યારે સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગમાંથી બહાર નીકળી સિમેન્ટ રસ્તે સદભાવના મેદાન તરફ જવાના રસ્તેથી સફારી સર્કલ તરફ બહાર નીકળશે.

થ્રી વ્હીલ-ફોર વ્હીલ, લાઈટ વ્હિકલ તેમજ ભારે વાહનો પર પ્રવેશ પ્રતિબંધ

જ્યારે જૂની ગૌરીકુંડ ચેકપોસ્ટ થી શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તા સુધી તેમજ નાગદાદાના મંદિરથી પઠાણવાડાના નાકાથી શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તાથી ભોયવાડાના નાકા સુધી તેમજ રામરાખ ચોકથી પઠાણવાડા થઈ શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તા સુધી, પાટચકલા થી શિવ સદન હોટલ તરફ આવતા વાહનો, મેઈન બજારમાંથી ભોયવાડાના નાકા તરફ આવતા વાહનો અને પ્રજાપતિ ધર્મશાળા ત્રણ રસ્તા થી હમીરજી સર્કલ થી શંખ સર્કલ સુધીના તમામ રૂટ પર થ્રી વ્હીલ-ફોર વ્હીલ, લાઈટ વ્હિકલ તેમજ ભારે વાહનો પર પ્રવેશ પ્રતિબંધ કરાયો છે.

વૈકલ્પિક રૂટ

આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક રૂટ તરીકે શંખ સર્કલ થી આવતા વાહનો વેણેશ્વર ચોકડીથી રામરાખ ચોક થી અન્ય જગ્યાએ જઈ શકશે તેમજ કેઈન બજાર તરફથી આવતા વાહનો ભોયવાડાના નાકે થી મદાર ઓટો થઈ અન્ય જગ્યાએ તેમજ કુંભારવાડાથી પાટ ચકલા થઈ રામરાખ ચોકથી વેણેશ્વર ચોકડીથી અન્ય જગ્યાએ તેમજ સાગર દર્શન ગેસ્ટ હાઉસ જવા માટે શંખ સર્કલ થી ભીડિયા સર્કલ થઈ સર્કિટ હાઉસ રોડ થઈ જઈ શકાશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# આજે રાજકોટમાં કેન્દ્રિય બજેટ કાર્યક્રમ અંતર્ગત ''મહિલા સંવાદ'' યોજાશે



રાજકોટ, સ્વ તંત્ર ભારતનું ૮૦મું કેન્દ્રિય બજેટ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલ હતું. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીની સુચના અનુસાર ગુજરાત રાજયમાં ''બજેટ પ્રચાર અભિયાન ૨૦૨૬'' અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડૉ. માધવભાઈ દવે તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરીયાની અધ્યંક્ષતામાં કેન્દ્રીય બજેટ સંદર્ભે ''મહિલા સંવાદ'' નો આ કાર્યક્રમ રાજકોટ મહાનગરના કેન્દ્રીય બજેટના સંયોજક રાજકોટ શહેર ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, સહસંયોજક ભાજપ અગ્રણીઓ શૈલેષભાઈ જાની, અમૃતભાઈ ગઢીયા તેમજ રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયાની આગેવાનીમાં આવતીકાલે તા. ૭ શનિવારે સાંજે ૪ કલાકે પ્રમુખ ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે મંત્રી રીવાબા જાડેજા વિશેષ ઉપસ્થિત રહી બજેટમાં દેશ અને દેશની મહિલાઓને મળતા લાભો વિશે વિસ્તત માહિતી આપશે, તેમજ બજેટ કાર્યક્રમના પ્રદેશ સહઈન્ચાહર્જ અને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સી બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઈ ભંડેરી આ કાર્યક્રમમાં બજેટ સત્ર અભિયાન અંતર્ગત સંબોધન કરશે.

આ બજેટ ''મહિલા સંવાદ'' માં સૌને ઉપસ્થિત રહેવા શહેર મહિલા મોરચાના પ્રમુખ મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલએ જાહેર અનુરોધ કરેલ છે.

# રાજકોટની વિનોબા ભાવે પે સેન્ટર શાળાનં.-૯૩માં ભવ્ય રંગોત્સવ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત પીએમ વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં. ૯૩, રાજકોટ ખાતે તા. ૦૪/૦૨/૨૦૨૬ બુધવારના રોજ શાળાનો વાર્ષિકોત્સવ રંગોત્સવ ઉત્સાહભેર ઉજવાયો.

આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભા સ્પષ્ટ દેખાઈ. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય ડો. વનિતાબેન રાઠોડ દ્વારા લખાયેલ પુસ્તક "મિરેકલ, દવા વગરની આરોગ્યયાત્રાથા" તથા શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ હસ્તલિખિત અંકનું વિમોચન પણ કરવામાં આવ્યું.

# વેરાવળ કે.સી.સી. મેદાન ખાતે 'સ્વદેશી મેળો' યોજાશે

## સ્થાનિક કારીગરો લોકલ ઉત્પાદકોના ઉત્પાદનો ખરીદવાની તક

વેરાવળ,રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓમાં સ્થાનિક કારીગરો, સેલ્ફ હેલ્પ ગ્રુપની બહેનો, લોકલ ઉત્પાદકો તેમજ નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે માટે સ્વદેશી મેળાઓનું સમયાંતરે આયોજન થતું હોય છે. જે અંતર્ગત 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાનને લક્ષમાં લઈ કે.સી.સી મેદાન, મણીબહેન સ્કૂલની પાછળ વેરાવળ ખાતે તા.૦૮/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધી સવારે ૧૦.૦૦ થી રાત્રે ૧૦.૦૦ દરમિયાન સ્વદેશી મેળો યોજાશે.

સ્વદેશી ઉત્પાદનોને પ્રેરણા આપી અને 'લોકલ ફોર વોકલ'ની વિભાવનાને પ્રાધાન્ય આપી મેળા દરમિયાન હસ્તકલા, ભરતગૂંથણ વિવિધ હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ, બાંધણી, માટીકામની વસ્તુઓ, પર્સ, હર્બલ પ્રોડક્ટ્સ સહિત સખીમંડળોના બહેનો દ્વારા સ્વઉત્પાદિત કરવામાં આવતી ચીજવસ્તુઓની ખરીદી સહિત ફૂડ કોર્ટનો આનંદ માણી શકશે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

નગરપાલિકા કક્ષાએ યોજાનાર આ સ્વદેશી મેળા દરમિયાન સ્થાનિક કારીગરો, સેલ્ફ હેલ્પ ગ્રુપની બહેનો, લોકલ ઉત્પાદકો, કળા સર્જકો, નાના ઉદ્યોગકારોની સહભાગીતા વધે એવો પ્રયત્ન કરી વધુ ને વધુ નાગરિકો આ મેળાની મુલાકાત લે એ માટે નગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

# રવિવારે રાજકોટમાં તૃતીય "કુંજ-ધ્વનિ બેઠક"નું આયોજન

રાજકોટ, રવિવાર તા.૮ ફેબ્રુઆરીના રોજ ડિવાઈન રેબિલિટેશન સેન્ટરના ઓડિટોરિયમ ખાતે તૃતીય "કુંજ-ધ્વનિ બેઠક"નું આયોજન સાંજના ૫:૩૦ થી ૭:૩૦ વાગ્યા દરમ્યાન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં પદ્મભૂષણ પંડિત અજય ચક્રવર્તીની શિષ્યા આયેશા મુખર્જી ઠુમરી, દાદરા તેમજ અન્ય ઉપશાસ્ત્રીય ગીતપ્રકારો રજૂ કરશે. મુંબઈના યુવા કલાકાર સિદ્ધાર્થ પડિયાર તબલા પર તથા સિદ્ધાર્થ મેસ્તા હાર્મોનિયમ પર સંગત આપશે.

# રાજકોટ મનપાની ૨૮૬ આંગણવાડીઓમાં કલરકામ સાથે સુવિધાઓમાં વધારો

## બાળકો માટે આનંદદાયક, સુરક્ષિત અને શૈક્ષણિક વાતાવરણ ઉભું કરાયું



રાજકોટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની આંગણવાડીઓને વધુ આકર્ષક, સુવિધાસભર અને આધુનિક બનાવવા માટે વિશેષ આંગણવાડી નવીનીકરણ ડ્રાઈવ તા.૧૬/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૫ સુધી અમલમાં મૂકવામાં આવેલ હતી. આ અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની હસ્તકની ૨૮૬ આંગણવાડીઓમાં કલરકામ, માળખાગત સુધારણા તેમજ સ્માર્ટ આંગણવાડીના સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

નવીનીકરણ ડ્રાઈવ હેઠળ આંગણવાડી ભવનમાં આંતરિક તથા બાહ્ય કલરકામ, બાળકોને અનુકૂળ શૈક્ષણિક ચિત્રો, સ્વચ્છતા સુવિધાઓમાં સુધારો, તેમજ શિક્ષણને વધુ રસપ્રદ અને અસરકારક બનાવવા માટે ચિત્રોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનનો મુખ્ય હેતુ આંગણવાડીમાં આવતાં નાના બાળકોને આનંદદાયક, સુરક્ષિત અને શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાનો તેમજ તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ આંગણવાડી કાર્યકરોને વધુ સક્ષમ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાય પણ આપવામાં આવી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા બાળ વિકાસ ક્ષેત્રે સતત પ્રતિબદ્ધ છે અને શહેરની આંગણવાડીઓને આધુનિક બનાવવાના દિશામાં આવા જનહિતકારી કાર્યક્રમો આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

# રાજકોટ આજી ડેમ પોલીસે અરજદારના ગુમ થયેલા દાગીના શોધીને પરત કર્યા

## કારની ડેકી પર ભુલથી મુકાયેલુ પર્સ પડી ગયું હતું: જે રિક્ષા ચાલકને મળ્યું હતુ



રાજકોટ,રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે ત્વરિત કાર્યવાહી અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રસ્તારમાં પડી ગયેલ ૧૨ તોલા સોનાનો હાર અને કાનની બુટી મૂળ માલિકને હેમખેમ પરત સોંપી પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્રને સાર્થક કર્યુ હતું. તારીખ ૦૨ના રોજ અરજદાર સુભાષભાઈ રામભાઈ જળુ પોતાની પત્ની સાથે લગ્ન પ્રસંગમાં જવા નીકળ્યા હતા. ઉતાવળમાં તેઓ સોનાના દાગીના ભરેલું પર્સ કારની ડેકી પર જ ભૂલી ગયા હતા અને કાર ચલાવતા પર્સ ક્યાંક પડી ગયું હતું. આ પર્સમાં ૧૨ તોલાનો હાર અને બુટી હતા, જેની કિંમત આશરે ૧૭,૫૦,૦૦૦જેટલી થતી હતી.

ઘટનાની જાણ થતા જ આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્પેંક્ટર એ.બી. જાડેજા અને સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. એસ.વી. ગોહિલ સક્રિય થયા હતા. પોલીસ હેડ કોન્ટેબલ દેવાંગભાઈ પાલા તથા કોન્ટેબલ મહેશભાઈ કોઠીવાળ દ્વારા ટેકનિકલ સોર્સીસ, સીસીટીવીનો ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તપાસના અંતે આ પર્સ એક રિક્ષા ચાલક પાસેથી મળી આવ્યું હતું, જે સુરક્ષિત રીતે મૂળ માલિકને પરત કરવામાં આવ્યું છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપી બી.વી. જાધવના માર્ગદર્શન હેઠળ આજીડેમ પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# DAKSHએ કેપેસિટી બિલ્ડિંગ કમિશન અને SCOPEની સંયુક્ત પહેલ

## DAKSH લીડરશીપ પ્રોગ્રામની બીજી બેચનું ઉદ્ઘાટન, અસ્થિર વિશ્વમાં જાહેર ક્ષેત્ર ભારતની વૃદ્ધિનો વ્યૂહાત્મક સ્તંભ છેઃ ડૉ. પી. કે. મિશ્રા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવઃ મિશન કર્મયોગી જાહેર ક્ષેત્રમાં આજીવન શિક્ષણની સંસ્કૃતિ બનાવી રહ્યું છેઃ અલકા મિત્તલ, CBC





અમદાવાદ,તા.૭

સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSEs) ના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ માટેના ફ્લેગશિપ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, DAKSH (Development of Aspiration, Knowledge, Succession and Harmony) ની બીજી બેચનું ઉદ્ઘાટન સત્ર નવી દિલ્હીના SCOPE કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમ મોટા મિશન કર્મયોગી માળખાના ભાગ રૂપે કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) અને સ્ટેન્ડિંગ કોન્ફરન્સ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ (SCOPE) દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો છે.આ ઉદ્ઘાટન પ્રસંગે ભારત સરકાર અને જાહેર ક્ષેત્રના વરિષ્ઠ નેતૃત્વ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રા; કે. મોસેસ ચલાઈ, સચિવ, જાહેર સાહસ વિભાગ; અને રચના શાહ, સચિવ, પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ, એસ. રાધા ચૌહાણ, અધ્યક્ષ, કેપેસિટી બિલ્ડિંગ કમિશન; કે. પી. મહાદેવસ્વામી, અધ્યક્ષ, SCOPE; અતુલ સોબતી, મહાનિર્દેશક, SCOPE અને અલકા મિત્તલ, સભ્ય (વહીવટ), કેપેસિટી બિલ્ડિંગ કમિશન સામેલ હતા.

સહભાગીઓનું સ્વાગત કરતા, SCOPE ના DG શ્રી અતુલ સોબતીએ જણાવ્યું હતું કે DAKSH નેતાઓને પ્રતિબિંબિત કરવા, તૈયાર કરવા અને પોતાની જાતને બદલવામાં મદદ કરશે. તેમણે ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ નેતૃત્વના ઉદભવ, વ્યૂહાત્મક વિકાસ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર માટે તક પૂરી પાડશે.

કાર્યક્રમનો સંદર્ભ સ્થાપિત કરતા, કેપેસિટી બિલ્ડિંગ કમિશનના સભ્ય અલકા મિત્તલે DAKSH ની ડિઝાઈન અને ઉદ્દેશ્યો પર વિગતવાર પ્રસ્તુતિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ૧૨-મહિનાની પરિવર્તનકારી નેતૃત્વ યાત્રા તરીકે સંરચિત છે, જેમાં ડિજિટલ શિક્ષણ, અગ્રણી સંસ્થાઓમાં ક્લાસરૂમ જોડાણ, એક્ઝિક્યુટિવ કોચિંગ, લાઈવ એક્શન લર્નિંગ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝરનો સમાવેશ થાય છે. તેમણે શેર કર્યું કે DAKSH ની પ્રથમ બેચમાં ૭૩ વરિષ્ઠ CPSE અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી, જ્યારે બીજી બેચમાં ૭૨ સહભાગીઓ છે જેઓ ઊર્જા, અવકાશ અને સંરક્ષણ, પરિવહન અને લોજિસ્ટિક્સ, ખાણકામ અને ખનિજો, ઉત્પાદન અને બાંધકામ સહિતના વિવિધ ક્ષેત્રોમાંથી લેવામાં આવ્યા છે.

તેમણે મિશન કર્મયોગી હેઠળની મુખ્ય સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં iGOT ડિજિટલ પ્લેટફોર્મ પર અધિકારીઓનું મોટા પાયે ઓનબોર્ડિંગ, કર્મયોગી સપ્તાહ જેવી પહેલો દ્વારા આજીવન શિક્ષણનું સંસ્થાકીયકરણ, કર્મયોગી સક્ષમતા મોડેલનો વિકાસ, તાલીમ સંસ્થાઓનું માન્યતાકરણ અને ભારત-કેન્દ્રિત કેસ સ્ટડીઝના રાષ્ટ્રીય ભંડાર અમૃત જ્ઞાન કોષની રચનાનો સમાવેશ થાય છે. CPSEs માટે અગ્રતાના સુધારા ક્ષેત્રો તરીકે નેતૃત્વ વિકાસ, યોગ્યતા-આધારિત વૃદ્ધિ, પ્રતિભા ગતિશીલતા અને ટેકનોલોજી-સક્ષમ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.સંબોધન આપતા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ભારતની વિકાસ યાત્રામાં જાહેર ક્ષેત્રના સાહસોની વિકસતી ભૂમિકા વિશે વાત કરી હતી. તેમણે યાદ કર્યું કે આઝાદી પછી દેશના ઔદ્યોગિક અને માળખાગત પાયાના નિર્માણમાં ઞ્જીઈજ એ પાયાની ભૂમિકા ભજવી હતી, જેણે આર્થિક વૃદ્ધિ, નાણાકીય સ્થિરતા અને રાષ્ટ્રીય આત્મનિર્ભરતા માટે પાયો નાખ્યો હતો. તેમણે કહ્યું કે દાયકાઓ સુધી, જાહેર ક્ષેત્રના સાહસો ભારતની વિકાસ વ્યૂહરચનાની કરોડરજ્જુ સમાન રહ્યા છે.

ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે સમય જતાં, વૈશ્વિકીકરણ, તકનીકી પરિવર્તન અને આર્થિક સુધારાઓએ વૈશ્વિક અને સ્થાનિક આર્થિક લેન્ડસ્કેપને બદલી નાખ્યું છે. તેમણે અવલોકન કર્યું કે જાહેર વિરુદ્ધ ખાનગી ક્ષેત્રના વર્ચસ્વની ચર્ચાઓએ હવે વધુ સંકલિત અભિગમ માટે માર્ગ મોકળો કર્યો છે, જ્યાં સ્પર્ધાત્મકતા, કાર્યક્ષમતા અને નવીનતા કેન્દ્રસ્થાને બની ગયા છે. આ બદલાતા સંદર્ભમાં, ઞ્જીઈજ પાસેથી અપેક્ષાઓ પણ વિકસી છે, જે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની સેવા કરવાનું ચાલુ રાખવાની સાથે વધુ ચપળતા સાથે કાર્ય કરવાની આવશ્યકતા ધરાવે છે.ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે મુક્ત વ્યાપાર કરારો અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ભારત વૈશ્વિક અર્થતંત્ર સાથે તેનું સંકલન ઊંડું કરી રહ્યું છે, ત્યારે CPSEs એ માત્ર સ્થાનિક જ નહી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્પર્ધા કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે નોંધ્યું હતું કે અનેક મુખ્ય અર્થતંત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આર્થિક વિકાસમાં, ખાસ કરીને અનિશ્ચિતતાના સમયમાં વ્યૂહાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

ડૉ. મિશ્રાએ ૨૦૨૧ ની જાહેર ક્ષેત્રની સાહસ નીતિ (Public Sectro Enterprise Policy) નો પણ ઉલ્લેખ કર્યો, જેમાં CPSEs ને વ્યૂહાત્મક અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે ખાનગી સાહસોની ભૂમિકા વિસ્તરી રહી છે, ત્યારે ઊર્જા, સંરક્ષણ, માળખાગત સુવિધા અને નાણાં જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આવશ્યક રહે છે, જ્યાં લાંબા ગાળાના રાષ્ટ્રીય હિતો, સ્થિરતા અને સ્થિતિસ્થાપકતા નિર્ણાયક છે. તેમણે ઉમેર્યું હતું કે જાહેર ક્ષેત્રના સાહસો એવા બજારોમાં સંતુલિત ભૂમિકા ભજવે છે જે હંમેશા સંપૂર્ણ હોતા નથી અને જ્યાં જાહેર વસ્તુઓ અને રાષ્ટ્રીય સુરક્ષાની બાબતો સામેલ હોય છે.ટેકનોલોજી અને નવીનતાના વધતા મહત્વ પર પ્રકાશ પાડતા, ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે CPSEs એ ટેકનોલોજી-લક્ષી અને નવીનતા-સંચાલિત રહેવું જોઈએ. તેમણે ભારતની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અને UPI જેવા ઉદાહરણો, જાહેર ક્ષેત્રની બેંકિંગમાં સુધારેલી ટેકનોલોજી અપનાવવા અને સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રોમાં પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સાયબર સિક્યોરિટી, ડેટા ગવર્નન્સ અને એનર્જી ટ્રાન્ઝિશન જેવા ક્ષેત્રોમાં નેતૃત્વ કરવા માટે જાહેર ક્ષેત્રના સાહસો સારી સ્થિતિમાં છે, જ્યાં રાષ્ટ્રીય ટ્રસ્ટ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતા મહત્વપૂર્ણ છે.

નેતૃત્વ અને માનવ મૂડી પર ભાર મૂકતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે સંસ્થાઓ આખરે તેમના નેતૃત્વની ગુણવત્તા પર આધાર રાખે છે. તેમણે સતત શિક્ષણ, અનુકૂલનક્ષમતા અને વ્યૂહાત્મક વિચારસરણીના મહત્વ પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને ઝડપી તકનીકી પરિવર્તનના યુગમાં. તેમણે સહભાગીઓને સંગઠનાત્મક સીમાઓની બહાર તેમના દ્રષ્ટિકોણને વ્યાપક બનાવવા, નિર્ણય લેવાની ક્ષમતાને મજબૂત કરવા, સહયોગી રીતે કામ કરવા અને વહેંચાયેલ રાષ્ટ્રીય ઉદ્દેશ્યો સાથે સુસંગત ટીમો બનાવવા માટે DAKSH કાર્યક્રમનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.અગાઉ, જાહેર સાહસ વિભાગના સચિવ શ્રી કે. મોસેસ ચલાઈ એ CPSEs ના સ્કેલ અને આર્થિક યોગદાન વિશે ટૂંકમાં વાત કરી હતી, અને જીડીપી (GDP) જનરેશન અને કેન્દ્રીય તિજોરીમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લીધી હતી. તેમણે કહ્યું કે વૈશ્વિક અને સ્થાનિક સંક્રમણો વચ્ચે આ યોગદાનને ટકાવી રાખવા માટે ભવિષ્ય માટે તૈયાર નેતૃત્વ તૈયાર કરવું આવશ્યક છે, અને DAKSH ને તે દિશામાં એક સમયસરની પહેલ ગણાવી હતી.

કેપેસિટી બિલ્ડિંગ કમિશનના આભાર - નિહારીકા રવિયા સચિવ જગદીપ ગુપ્તાએ આભારવિધિ કરી હતી. તેમણે મિશન કર્મયોગીના વિઝનને આગળ ધપાવવા માટે કમિશનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. DAKSH લીડરશીપ પ્રોગ્રામ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સને ઉચ્ચ નેતૃત્વની ભૂમિકાઓ માટે તૈયાર કરવા માટે કલ્પના કરવામાં આવ્યો છે જ્યારે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે સક્ષમ બનાવે છે.

# કારમાં ત્રણ ટાંકી, નળ ચાલુ કરો અને વિદેશી દારૂ ભરો! વડોદરામાં દારૂની હેરાફેરીનો નવો કીમિયો

## પોલીસે તરસાલીમાંથી ૩ લાખથી વધુનો લૂઝ દારૂના જથ્થા સાથે યુવાનની ધરપકડ કરી

વડોદરા,

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ અવારનવાર વિવિધ રીતે છુપાવીને દારૂનો જથ્થો અપાતો હોય છે. ત્યારે વડોદરામાં તો એક યુવાને મગજ ચકરાવે ચઢાવે તેવી રીતથી ગોવાથી વડોદરા દારૂ લાવતો હતો. દારૂની હેરાફેરી કરવા માટે બુટલેગરે કારમાં ત્રણ ટાંકી બનાવીને ત્રણ નળ લગાવ્યા હતા. જે નળ ચાલુ કરતા જ તેમાંથી વિદેશી દારૂ નીકળતો હતો. ટાંકીમાંથી લૂઝ દારૂ કાઢી બોટલમાં ભરીને છૂટક વેચાણ કરવામાં આવતું હતું. પોલીસે તરસાલીમાંથી ૩ લાખથી વધુનો લૂઝ દારૂના જથ્થા સાથે અમિત મણિલાલ સોલંકીની ધરપકડ કરી છે. આરોપી ગોવાથી દારૂ લાવીને વડોદરામાં વેચતો હતો.

વડોદરામાં દારૂની હેરાફેરીની નવી તરકીબ સામે આવી છે. આરોપી અમિત મણિલાલ સોલંકી ગોવાથી દારૂ લાવીને વડોદરામાં વેચાણ કરતો હતો. આરોપી બુટલેગરે કારમાં ત્રણ ટાંકી બનાવી ત્રણ નળ લગાવીને દારૂની હેરાફેરી કરી છે. આ બુટલેગર દારૂથી ટાંકી ખીચોખીચ ભરીને નશાનો કારોબાર કરતો હતો.

બુટલેગરે કારની બ્રેક લાઈટ, ટાયર પાસે ટાંકીના વાલ્વ લગાવ્યા હતા. નળ ચાલુ કરતા જ ટાંકીમાંથી વિદેશી દારૂ નીકળતો હતો. ટાંકીમાંથી લૂઝ દારૂ કાઢી બોટલમાં ભરીને છૂટક વેચાણ કરવામાં આવતું હતું.

પોલીસે કાર લઈને આવેલા આરોપી અમિત મણિલાલ સોલંકી (રહે ચિત્રા નગર સોસાયટી) ને ઝડપી પાડ્યો હતો. તેણે દારૂ છૂટક ભરવા માટે કારમાં ત્રણ ટાંકીઓ રાજસ્થાનથી બનાવી હતી અને તેના ઢાંકણા પાછળની લાઈટોમાં તથા સીટમાં ફિટ કર્યા હતા.પોલીસે તેની પાસેથી દારૂની પાંચ બોટલ તથા ૨૪૫ લિટર વિદેશી દારૂ જેની કિંમત રૂપિયા ૩.૬૭ લાખ છે જેને કબજે કર્યો હતો.પોલીસે વિદેશી છૂટક દારૂ, કાર, બે મોબાઈલ ફોન અને રોકડા મળીને કુલ ૯.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# સુરતમાં આયુષ્માન કાર્ડમાં ભ્રષ્ટાચાર, રિન્યુ માટે ૪ હજારની માંગ

સુરત,

સુરતમાં આયુષ્યમાન કાર્ડના નામે ગોરખ ધંધો ચાલતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ યોજના સારવાર કરાવવા માટે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને આર્શીવાદરૂપ સાબિત થઈ છે પરંતુ ક્યાંકને ક્યાંક આમાં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. પાલિકાના વિપક્ષે આક્ષેપ કર્યો છે કે આ કાર્ડ રિન્યુ કરાવવા માટે અરજદારો પાસેથી ૪ હજાર લેવામાં આવે છે. અને જો પૈસા ન મળે તો બે મહિના સુધી અરજી પેન્ડીંગ રાખવામાં આવે છે. તો બીજી તરફ પાલિકાના વિપક્ષે ભ્રષ્ટાચાર અને એજન્ટોની મિલીભગત સામે તાત્કાલિક તપાસ કરવા માંગણી કરી છે.

આ મામલે સુરત પાલિકાના વિપક્ષના કોર્પોરેટરોએ મ્યુનિસિપલ કમિશનરને એક પત્ર લખ્યો છે અને પત્રમાં જણાવ્યું છે કે સરકારની આયુષ્યમાન ભારત યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદ સમાન છે.પરંતુ સુરતમાં આ યોજનામાં ભારે ભષ્ટ્રાચાર અને ગેરરીતિ આચરવામાં આવી રહી છે.

અરજદારો આ કાર્ડને રિન્યુ કરાવવા માટે આવે છે. તેમની પાસેથી ૪ હજાર લેવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જે અરજદાર ફાસ્ટ એપ્રુવલ માટે પૈસા આપે છે. તેમના કાર્ડ માત્ર બે કલાકમાં એપ્રુવ થઈ જાય છે. જે અરજદાર પૈસા ન આપે તેમને એકથી બે મહિના સુધી ધક્કા ખાવા પડે છે અથવા તો તેમની અરજી પેન્ડિંગ રાખવામાં આવે છે.

દલાલો અને સરકારી વિભાગના અમુક અધિકારીઓની મિલીભગત વગર આ કામ શક્ય નથી. જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની મજબુરીનો ફાયદો ઉઠાવે છે. જો આયુષ્માન કાર્ડ જેવી યોજનાઓમાં આવો ભષ્ટ્રાચાર થતો હોય તો બીજી યોજનાઓમાં શું ન થતુ હોય તે સવાલ થઈ રહ્યો છે.

# બારડોલી : પ્રેમી પંખીડા ભાગી જતાં યુવકના પરિવારનું જાહેરમાં સરઘસ કાઢી તાલિબાની સજા

## યુવકના ઘરમાં ઘૂસી તોડફોડ કરી પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કર્યો


સુરત,

સુરતના બારડોલી તાલુકાના એક ગામમાં તાલિબાની સજા આપવાની ઘટના સામે આવી છે. બારડોલી તાલુકાના મસાડ ગામેથી કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મસાડ ગામના હળપતિ સમાજનો એક યુવક ગામની યુવતી સાથે ભાગી ગયો હતો. આ બાબતની જાણ યુવતીના પરિવારને થતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. કાયદાનો ડર રાખ્યા વિના, યુવતીના કુટુંબીજનોએ યુવકના પરિવાર પર પોતાનો રોષ ઠાલવવાનું નક્કી કર્યું અને કાયદો હાથમાં લીધો.

મળતી માહિતી અનુસાર, યુવતીના ઉશ્કેરાયેલા કુટુંબીજનોએ પ્રથમ યુવકના ઘરમાં ઘૂસી ગયા હતા. ત્યાં તેમણે તોડફોડ કરી યુવકના પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કર્યો હતો. એટલાથી પણ સંતોષ ન થતા, આરોપીઓએ યુવકની માતા, ભાઈ અને બહેનને પકડી આખા ગામમાં તેમનું સરઘસ કાઢ્યું હતું. બદલો લેવાની ભાવનાથી યુવકના ભાઈ, બહેન અને માતાને આખા ગામમાં જાહેરમાં સરઘસ કાઢી અપમાનિત કરાયા.જયારબાદ બદલો લેવા માટે યુવકના પરિવારને માર મારી આખા ગામમાં સરઘસ કઢાયું હતું. આટલું જ નહીં, યુવતીના પરિવારે હદ તો ત્યારે કરી નાખી, જ્યારે માનવતા નેવે મૂકી આરોપીઓએ પીડિત પરિવારને ગામના ચોરે દોરડા વડે બાંધી ક્રૂરતાપૂર્વક માર માર્યો. આ ગંભીર અત્યાચારનો ભોગ બન્યા બાદ લાચાર પરિવાર ન્યાયની આશાએ બારડોલી પોલીસ મથકે પહોંચ્યો હતો.પરિવારની વ્યથા સાંભળી પોલીસે તાત્કાલિક ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર પરિવારે બારડોલી રૂરલ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છેપોલીસે પરિવારની ફરિયાદના આધારે રાયોટિંગ અને એટ્રોસિટી એક્ટ ગુનો દાખલ કર્યો છે. . યુવતીના પરિવાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા પોલીસે ૧૩ લોકોની ધરપકડ કરી છે. હાલ તો પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં મારામારી મુદ્દે કડક કાર્યવાહી કરવામાં આવશે:શિક્ષણમંત્રી

## ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં તે બાબતની પણ તપાસ કરવામાં આવશે




અમદાવાદ,

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં થયેલા મારામારીના બનાવને લઈને રાજયના શિક્ષણમંત્રીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. સ્કૂલ વિરુદ્ધ મળેલી ફરિયાદને ગંભીરતાથી લઈ શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર મામલાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.


શિક્ષણમંત્રીએ જણાવ્યું કે આ કેસની તપાસની જવાબદારી શિક્ષણ નિરીક્ષકને સોંપવામાં આવી છે. શાળાની કામગીરી, ઘટનાક્રમ અને ફરિયાદ સંબંધિત તમામ મુદ્દાઓની વિગતવાર તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, સંબંધિત શાળાને નોટિસ પણ પાઠવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

શિક્ષણમંત્રીએ વધુમાં કહ્યું કે ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં, તે બાબતની પણ તપાસ કરવામાં આવશે. જો તપાસ દરમિયાન કોઈ પ્રકારની બેદરકારી અથવા નિયમોનું ઉલ્લંઘન સામે આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

અમદાવાદની બહુચર્ચિત સેવન્થ ડે સ્કૂલ એકવાર ફરી વિવાદમાં આવી ગઈ છે. આ વખતે મામલો વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારીનો છે. સ્કૂલના ધોરણ ૭ના વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓને માર માર્યાની ફરિયાદ વાલીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓગસ્ટમાં આ જ સ્કૂલમાં ધોરણ ૧૦માં ભણતા વિદ્યાર્થીની હત્યાનો મામલો સામે આવ્યો હતો. ત્યારે હવે ફરી એક વાર વિદ્યાર્થી સાથે હિંસાનો કેસ સામે આવતા સેવન્થ ડે સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના વાલીઓમાં પોતાના બાળકોની સુરક્ષાને લઈને ચિંતામાં મૂકાઈ ગયા છે.માહિતી પ્રમાણે, સ્કૂલમાં ભણતા ધોરણ ૭ના એક વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓએ બાથરૂમમાં લઈ જઈને માર માર્યાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં વાલીએ ફરિયાદ નોંધાવતા ઘટના પ્રકાશમાં આવી છે. ફરિયાદ પ્રમાણે, ધોરણ ૭ના વિદ્યાર્થીને ૩ વિદ્યાર્થીઓએ માર મારીને શર્ટના બટન તોડી નાખ્યા. મોનિટર વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું. આ વાતને લઈને ત્રણ વિદ્યાર્થીઓએ અદાવત રાખી હતી. ત્યારે આદવતમાં ત્રણ વિદ્યાર્થીઓએ પીડિત વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હોવાનું સામે આવ્યું છે. આ અંગે વાલીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.હાલમાં સેવેન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે. ત્યારે આ મામલો સામે આવતા જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ કડક કાર્યવાહી કરતાં સેવન્થ ડે સ્કૂલના આચાર્ય અને એડમિન હેડને નોટિસ ફટકારી છે. ડ્ઢઈઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે જો કસૂરવાર હશે તો શાળાના આચાર્ય અને એડમિન હેડ સામે પણ કાર્યવાહી થશે.

# ૨૦ રૂપિયાની લાંચના આરોપમાં ૨૦ વર્ષની લડત, નિર્દોષ જાહેર થયા બાદ રાત્રે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું

## નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો



અમદાવાદ,

ગુજરાતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં માત્ર ૨૦ રૂપિયા જેવી નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ ચોંકાવનારો કિસ્સો ગુજરાતના અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારનો છે. અહીં વર્ષ ૧૯૯૭માં બનેલી એક એવી ઘટના બની હતી, જેમાં સતત ૨૦ વર્ષ સુધી ન્યાય માટે લડત લડ્યા બાદ આખરે સુખદ અંત આવ્યો છે. આ કેસમાં એક પોલીસ કોન્સ્ટેબલને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં સેશન્સ કોર્ટ દ્વારા સજા ફટકરવામાં આવી હતી.

ઘટના એવી છે કે, અમદાવાદના વેજલપુરમાં વર્ષ ૧૯૯૭માં એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપ લાગ્યો હતો, જેમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ટ્રેપ ગોઠવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. લાંચ લેવા મામલે કેસ કોર્ટમાં ચાલતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નામદાર સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવીને સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ બાબુભાઈ ૨થી ૩ મહિના જેલમાં રહ્યા હતા. સેશન્સ કોર્ટના ચુકાદાથી તેમની કારકિર્દી અને સામાજિક પ્રતિષ્ઠા પર મોટું જોખમ ઊભું થયું હતું.

જો કે, આ અન્યાય સામે બાબુભાઈએ હારી ન માની અને સેશન્સ કોર્ટના આદેશને પડકારતા બાબુભાઈએ એડવોકેટ નીતિન ટી. ગાંધી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. કોન્સેટેબલ દ્વારા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાદ ૨૦ વર્ષની લાંબી કાનૂની લડત લડ્યા બાદ તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ નામદાર જજ એસ.વી. પિન્ટોએ કેસની ગંભીરતાને ધ્યાને લઈ બાબુભાઈ પ્રજાપતિને લાંચ લેવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે.

આખરે બે દાયકા સુધી લાંબી કાનૂની લડત લડ્યા બાદ હાઈકોર્ટે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નિર્દોષ છોડ્યા પછી તેમના વકીલને મળવા માટે પહોંચ્યા હતા. જયારે વકીલે બાબુભાઈને આગળની કાયદાકીય પ્રક્રિયા વિશે પૂછ્યું, ત્યારે તેઓ હતાશામાં છેલ્લું નિવેદન આપતા કહ્યું હતું કે, હવે કેસમાંથી છૂટ્યો છું, કઈ કરવું નથી, હવે ભગવાન બોલાવી લે તો સારું. વકીલ સાથે થયેલી આ મુલાકાત બાદ બાબુભાઈ ઘરે પરત ફર્યા હતા. જયારબાદ રાત્રે તેમનું આકસ્મિક મોત નીપજ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈનું હાર્ટ એટેક આવવાને કારણે અવસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.


# ઓસ્ટ્રેલિયાથી પુત્રએ ગુંદાવાડીના બાબાનો સંપર્ક કરતા ૨૪ લાખ પડાવ્યા હતા

## રાજકોટના ઢોંગી બાબા સતીષ ધામીએ ૧૯ લાખની ક્રેટા અને આઈફોન ખરીદ્યો, આરોપી જેલ હવાલે

રાજકોટ, : રાજકોટના ગુંદાવાડી વિસ્તારમાં રહેતા ઢોંગી બાબા સતીષ ધામીએ અમદાવાદના વેપારીનું દુઃખ દર્દ દૂર કરવા બહાને ઓસ્ટ્રેલિયા રહેતા વેપારી પુત્ર પાસેથી ૨૪ લાખ પડાવી લીધા બાદ જો વધારે રૂપીયા નહીં આપો તો માતાજી કોપાયમાન થશે તેમ ધમકી આપી છેતરપિંડી આચરતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી સતીષ ધામીની ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે, આરોપીએ છેતરપિંડીના પૈસામાંથી ૧૯ લાખની ક્રેટા, એક લાખનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ ૧૨.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી તેનું બેંક એકાઉન્ટ સીઝ કર્યું છે. હાલ આરોપીને રિમાન્ડ ન મળતા જેલહવાલે કરવામાં આવ્યો છે.

રાજકોટ શહેર છઝ ભાવેશ જાધવએ જણાવ્યું હતું કે, ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જજીસ બંગલા રોડ પર રહેતાં જયંતિલાલ ભુરાજી પરમાર (ઉ.વ.૫૫)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સતીષ રામજી ધામીનું નામ આપતા છેતરપિંડીના ગુના હેઠળ આરોપી ધરપકડ કરવામાં આવી છે. આરોપીની પુછપરછ કરતા જાણવા



મળ્યું હતું કે, તેને દુઃખ દર્દ દૂર કરવા બહાને ફરિયાદી પાસેથી મેળવેલ ૨૪.૨૩ લાખ રૂપિયામાંથી ૧૯ લાખ રૂપિયાની ક્રેટા કાર ખરીદ કરી હતી અને એક લાખ રૂપિયાનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસ ૧૨ લાખની ક્રેટા અને ૪૦,૦૦૦નો મોબાઈલ મળી ૧૨.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીનું બેંક એકાઉન્ટ સીઝ કરવામાં આવ્યું છે જેમાં ૧.૯૫ લાખ હોવાનું સામે આવ્યું છે. આરોપીના રિમાન્ડ ન મળતા પોલીસે તેને જેલ હવાલે કરી કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદીનો પુત્ર અંકિત વર્ષ ૨૦૧૯થી ઓસ્ટ્રેલિયા રહી નોકરી કરે છે. અંકિતની એકવાર સગાઈ થઇ હતી અને તે સગાઈ તુટી ગઈ હતી જેના કારણે અંકિત ચિંતામાં રહેતો હતો. દરમિયાન અંકિતે તેમના મિત્ર પાર્થ ચોવટીયાને વાત કરતાં પાર્થ ચોવટીયાએ કહ્યું કે, તેઓને પણ તેમના ઘરમા કંકાસ રહેતો જેથી તે રાજકોટ રહેતા ચમત્કારી સતીષ ધામી પાસે ચમત્કારી કામ કરાવી ઘરમા કંકાસ ન થાય તે માટે સતીષ ધામીને પૈસા આપે છે. જેથી પુત્ર અંકિત ઘરની અને પોતાની સમસ્યાઓથી કંટાળી મીત્ર પાર્થને કહ્યું કે, તુ મને આ ચમત્કારી સતીષ ધામીનો સંપર્ક કરાવી આપ મારે પણ તેમની પાસે મારુ કામ કરાવવુ છે.

# ગિરનારનાં ઓઘડ શિખર પર જૈનોએ ધ્વજા લગાડતાં સાધુ- સંતોનો વિરોધ

## દુર્ગમ સ્થળે ધ્વજા ફરકાવવામાં આવ્યાના ફોટો વાયરલ : અનધિકૃત રીતે હક્ક સ્થાપિત કરવાની કોશિષ કરનારાઓ સામે પગલાં લેવામાં આવે એવી માંગ સાથે આવેદનપત્ર

જૂનાગઢ, : ગિરનાર પર ઓઘડ શિખર પર જૈન સમાજના અમુક લોકોએ ધ્વજા ફરકાવી હતી અને આ અંગેના ફોટો પાડી વાયરલ કર્યા હતા, જેનો સાધુ સંતોએ વિરોધ કર્યો છે. અનધિકૃત રીતે ઓઘડનાથજીની ચરણ પાદુકા પર હક્ક સ્થાપિત કરવાની કોશિષ કરનારાઓ સામે પગલા લેવામા આવે એવી માંગ સાથે આજે શ્રી ગોરખનાથજીના દલીચાની જગ્યાના મહંત સહિતનાઓએ ડીવાયએસપી અને ભવનાથ પોલીસને આવેદનપત્ર આપ્યું હતું.

ગિરનાર પર્વતના શ્રી ગોરખનાથ અને ગુરૂ દતાત્રેય શિખર વચ્ચે ઓઘડનાથજી શિખર આવેલું છે, જ્યાં



ઓઘડનાથજીની ચરણપાદુકા આવેલી છે. આ સ્થળ રાજયના પુરાતત્વ વિભાગના રાજ્ય રક્ષિત સ્મારકની શ્રેણીમાં પણ સામેલ છે. આ દુર્ગમ સ્થળ પર થોડા સમય પહેલા જૈન સમાજના અમુક લોકોએ જઈ ત્યાં ધ્વજા લહેરાવી હતી અને લખાણ કર્યું હતું. એ અંગેના ફોટો સોશીયલ મીડિયામાં વાયરલ થયા હતા. આ બાબત ધ્યાને આવતા ગોરખનાથજીના દલીચાની જગ્યાના સોમનાથજી ગુરૂ રાજનાથજી સહિતના સાધુ સંતોએ આજે ડીવાયએસપી અને ભવનાથ પી.આઈ.ને આવેદનપત્ર આપ્યું હતું. સાધુ-સંતોનો આક્ષેપ છે કે જૈન સમાજના અમુક લોકો દ્વારા ગિરનાર પર આવેલી જગ્યાઓ પર દાવા કરવામાં આવે છે અને અશાંતિ ફેલાવવામાં આવે છે. ઓઘડનાથજી શિખર પર ધ્વજા લગાડી અમુક વાક્યો લખી અનધિકૃત હક્ક સ્થાપિત કરવા કોશિષ કરવામાં આવી છે, જેથી સનાતની લોકોની લાગણી દુભાઈ છે. આ કૃત્ય કરનારા અને તેઓને ગેરમાર્ગે દોરી જનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે એવી માંગ કરી છે.

# મુંજિયાસર ગામે સાવકા પુત્રએ પિતાની હત્યા નિપજાવી

અમરેલી, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના મુંજિયાસર ગામે રહેતાં એક ખેતમજૂર આધેડ પિતાની હત્યા સાવકા પુત્રએ સામાન્ય ચા બનાવવા જેવી બાબતમાં માથામાં બોથડ પદાર્થના ઘા મારીને હત્યા કરી નાખતાં અને માતા તથા બહેનને પણ ગંભીર ઈજા કરતા પોલીસે હત્યાનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં બગસરા તાલુકાના મોટા મુંજિયાસર ગામે રહેતાં કિશોરભાઈ પટોળીયાની વાડીમાં કામ કરતા અને ત્યાં જ રહેતાં ખેત મજૂર રમણભાઈ કટારા સાથે ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં સાવકા પુત્ર સુરેશ મસારે સાથે ઝગડો થતા પોતાના સાવકા પુત્રએ પોતાના પાલક પિતા રમણભાઈ કટારા પર બોથડ પદાર્થ સાથે સિમેન્ટની સગડીનો મોઢા ઉપર ઘા મારીને નિર્મમ હત્યા કરી હતી. ત્યારે રમણભાઈને બચાવવા માતા સીતાબેન અને બહેન અસ્મિતા કટારા વચ્ચે પડતાં તેમની ઉપર પણ હુમલો કર્યો હતો.

આ બનાવમાં મૃતક રમણભાઈ કટારાના પ્રથમ પત્ની મૃત્યુ પામતા તેઓએ સીતાબેન મસાર સાથે લગ્ન કરેલા હતા. આ સીતાબેન મસાર તેમના આગલા ઘરના પુત્ર સુરેશને સાથે લાવેલા હતા અને બધા સાથે રહેતા હતા.

ત્યારે ગત રાત્રે ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં આરોપી સુરેશને પોતાની જ માતા સીતાબેન અને પાલક પિતા રમણભાઈ કટારા સાથે ઝઘડો થતાં આરોપીએ પાલક પીતા ઉપર હુમલો કરેલો હતો અને રમણભાઈ કટારાને મરણતોલ માર મારી હત્યા કરી હતી.

ગઈકાલે રાત્રિના બનેલી ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકના મૃતદેહને બગસરા હોસ્પિટલ ખસેડાયો હતો.

પાલક પિતાની હત્યા બાદ પોલીસ દ્વારા હત્યાની ઘટનાને લઈ અમરેલી વિભાગીય પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચીને સમગ્ર હત્યા કેમ થઈ તે અંગે અમરેલી વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈએ વિગતો જણાવી હતી જયારે હત્યારા પુત્રની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહાશિવરાત્રી મેળામાં ૨૮ હંગામી દવાખાના ઊભા કરાશે

## ૨૧૦ આરોગ્યકર્મી સેવારત રહેશે, નાકોડા ખાતે ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ રહેશે

જૂનાગઢ, આગામી મહાશિવરાત્રી મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓના આરોગ્યની જાળવણી માટે જૂનાગઢ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. મેળા દરમિયાન કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૮ જેટલા કામચલાઉ દવાખાનાઓ ૨૪ઈ૭ કાર્યરત કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા મેળા વિસ્તારમાં કુલ ૭ મેડિકલ દવાખાના (જેમાં ૧ આઈ.સી.યુ. યુનિટ સામેલ છે) અને ૨૧ પેરા-મેડિકલ દવાખાનાઓ ઊભા કરવામાં આવનાર છે. જેમાં જિલ્લા પંચાયત ગ્રાઉન્ડ સામે રોડ પર રેસ્ટ હાઉસ, પ્રેરણા ધામ, અંબાજી મંદિર(ગિરનાર), જૈન દેરાસર (ગિરનાર), પ્રકૃતિ ધામ, કંટ્રોલરૂમ સામે ભવનાથ, નાકોડા દવાખાનુ (આઈસીયુ), ગિરનાર દરવાજા, ભરડાવાવ, સ્મશાન ત્રણ રસ્તા, પાજનાકા પુલ પાસે, ખાખચોક સામે, નારાયણ ધરા તરફ જતા રોડના નાકા પાસે, રૂપાયતન ત્રણ રસ્તા સર્કલ, ભગીરથ વાડીની જગ્યા પાસે, રિંગ રોડ સીતારામ મંદિર પાસે વડલા નીચે, મંગલનાથ બાપુની જગ્યાની પાછળના ભાગે ફોરેસ્ટ દીવાલ પાસે, ગિરનાર સીડી ગેટના ગ્રાઉન્ડમાં, મજેવડી દરવાજા, એસટી બસ સ્ટેન્ડ અંદરના ભાગે અને રેલવે સ્ટેશનમાં કાર્યરત રહેશે. ગિરનાર સીડી ગેટ, ભવનાથ, અને અંબાજી મંદિર જેવાં મહત્ત્વનાં સ્થળ સહિત કુલ ૨૮ પોઈન્ટ્સ પર શ્રદ્ધાળુઓને તાત્કાલિક સારવાર મળી રહેશે. ખાસ કરીને નાકોડા દવાખાના ખાતે આઈ.સી.યુ.ની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. શિવરાત્રી મેળાની વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે આરોગ્ય વિભાગના ૨૧૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ રાત-દિવસ ફરજ બજાવશે. આ ઉપરાંત, દર્દીઓને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા માટે ૧૩ એમ્બ્યુલન્સ અને ૬ '૧૦૮' ઈમરજન્સી એમ્બ્યુલન્સ મેળાના વિવિધ રૂટ પર તૈનાત રાખવામાં આવનાર છે.

# રાજકોટના મવડી ધરમનગરના ૭૫ વર્ષના વૃધ્ધાની સગા દિકરાએ ખેતીની જમીન પડાવી લીધી

## વૃધ્ધાને ખેડૂત તરીકે મળતી સરકારી સહાય મળતી બંધ થતાં તપાસ કરતાં પુત્રનું ભોપાળુ છત્તુ થયું

રાજકોટ,રાજકોટ શહેરના મવડીના ધરમનગરમાં રહેતા ૭૫ વર્ષીય વૃધ્ધાએ પોતાના એકના એક દિકરા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. પુત્રએ પિતાના અવસાન બાદ માતા અને છ બહેનોની સહીઓ કરાવી ખેતીની જમીનમાંથી હક્ક જતો કરાવી લીધો હોવાનો અને લાખો રૂપિયાનો વિશ્વાસઘાત કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

આ બનાવમાં તાલુકા પોલીસે મવડી ૧૫૦ રીંગ રોડ પર ધરમનગર-૩માં ઓમનગર પાસે રહેતાં ગૌરીબેન ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૭૫) નામના વૃધ્ધાની ફરિયાદ પરથી તેના દિકરા દિનેશ ગોવિંદભાઇ પરમાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. દિકરાએ વૃધ્ધ જનેતાની જાણ બહાર વારસાઈમાંથી હક્કો જતો કરવાનું નોટરી સમક્ષ સોગંદનામામાં સહઓ કરાવી તેમજ પિતાએ આપેલા પૈસાથી ખરીદાયેલી જમીન આ શખ્સે માતાના નામે કરવાને બદલે દસ્તાપવેજ પોતાના નામે કરાવી લઈ વિશ્વાસઘાત કર્યાનો આરોપ મુકાયો છે.

ફરિયાદી ગૌરીબેન પરમાર (ઉ.વ. ૭૫)એ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૮માં તેમના પતિ ગોવિંદભાઈનું અવસાન થયું હતું. પતિના અવસાનના માત્ર ૨૫ દિવસ બાદ પુત્ર દિનેશ ગોવિંદભાઈ પરમારે પોતાની મેલી મુરાદ પાર પાડવા માટે પ્રપંચ રચ્યો હતો. તેણે માતા અને છ બહેનોને વિશ્વાસમાં લીધા હતા કે પિતાના બેંક ખાતામાં વારસાઈ નામ દાખલ કરવા માટે ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર સહીઓ કરવી પડશે. માતા અને બહેનોએ ભાઈ પર ભરોસો રાખી સહીઓ કરી આપી હતી, પરંતુ હકીકતમાં તે ખેતીની જમીનમાંથી હક્ક જતો કરવાનું સોગંદનામુ હતું.

આ છેતરપિંડીનો ખુલાસો ત્યારે થયો જ્યારે ભારત સરકાર દ્વારા ખેડૂતોને મળતી રૂ. ૨૦૦૦ ની સહાય ગૌરીબેનના ખાતામાં આવતી બંધ થઈ ગઈ. ગૌરીબેને જ્યાં લોધીકા મામલતદાર કચેરીએ તપાસ કરી ત્યારે અધિકારીઓએ જણાવ્યું કે તમે અને તમારી દીકરીઓએ તો તા. ૨૪/૦૧/૨૦૧૯ના રોજ અરજી કરી ખાંભા ગામની જમીનમાંથી હક્ક જતો કર્યો છે. આ સાંભળીને વૃધ્ધાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. માત્ર વારસાઈ જમીન જ નહીં, પણ નવી ખરીદવાની જમીનમાં પણ પુત્રએ દગો કર્યો હતો. ગૌરીબેને લોધીકાની એક જમીન પોતાના નામે રાખવા માટે પુત્ર દિનેશને રૂ.૧૨ લાખનો ચેક આપ્યો હતો. જો કે પુત્રએ માતા સાથે વિશ્વાસઘાત કરી આ રકમ પોતાના ખાતામાં જમા કરાવી દીધી હતી અને લોધીકાની જમીનનો દસ્તાવેજ માતાને બદલે પોતાના નામે કરાવી લીધો હતો.

મિલકત પોતાના નામે થઈ ગયા બાદ પુત્ર દિનેશનો અસલી ચહેરો સામે આવ્યો હતો. વર્ષ ૨૦૨૪માં તેણે માતાને ઘરમાંથી કાઢી મુક્યા હતાં. હાલ ૭૫ વર્ષીય વૃધ્ધા પોતાની મોટી દીકરી દિવ્યાબેન સાથે રહી નિવૃત જીવન ગાળી રહ્યા છે. સામાજિક પ્રતિષ્ઠા અને એકના એક દિકરા પ્રત્યેની લાગણીને કારણે અત્યાર સુધી મૌન રહેલા માતાએ આખરે ન્યાય માટે પોલીસનો આશરો લીધો છે. ગૌરીબેને પોતાના પુત્ર દિનેશ પરમાર અને આ કાવતરામાં સામેલ અન્ય? શખ્સો સામે કડક તપાસ કરવા માંગ કરી છે. રાજકોટ તાલુકા પીઆઈ ડી. એમ. હરિપરાની રાહબરીમાં પીએસઆઈ પી. જી. આલએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સૌરાષ્ટ્રનું સૌથી વધુ ગરમ શહેર બન્યું: ૩૪.૩ ડિગ્રી તાપમાન

## શિયાળામાં ઉનાળાનો અહેસાસ :સવાર - બપોરનું તાપમાન પણ વધવા લાગ્યું



રાજકોટ, રાજકોટ જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરણમાં ફેરફાર થતાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં સવારની સાથે બપોરનું તાપમાન પણ સતત ઉંચકાવા લાગ્યું છે. હવામાન વિભાગ જણાવે છે કે, આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર છે અને હજુ ચારેક દિવસ આવું હવામાન રહેશે.

૩૪.૩ ડિગ્રી સાથે રાજકોટ શહેર સૌરાષ્ટ્ર-કચ્છનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે સુરતમાં રાજયનું સૌથી ઉંચુ તાપમાન ૩૫.૫ ડિગ્રી નોંધાવા પામ્યું હતું.ઉપરાંત અમરેલીમાં ૩૨.૩, વડોદરામાં ૩૧.૮, ભુજમાં ૩૨.૪, દમણમાં ૩૨.૮, ડાંગમાં ૩૪.૪, ડિસામાં ૩૧.૪, દિવમાં ૩૧ તથા નલિયામાં ૩૨ અને પોરબંદરમાં ૩૨.૪ ડિગ્રી, મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.આજે સવારે રાજકોટમાં ૧૭.૮, પોરબંદરમાં ૧૪.૩, સુરતમાં ૧૯, વેરાવળમાં ૧૯.૨ અને ઓખામાં ૧૯.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. તેમજ આજે સવારે અમદાવાદમાં ૧૮.૮, અમરેલીમાં ૧૬.૨, વડોદરામાં ૧૮ તથા ભાવનગરમાં ૧૮.૮, ભુજમાં ૧૭.૨, દમણમાં ૧૮.૮, ડિસામાં ૧૬.૩, દિવમાં ૧૭.૮, દ્વારકામાં ૧૯, ગાંધીનગરમાં ૧૮.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આજે સવારે પણ ઠંડી સંપૂર્ણપણે ગાયબ રહેવા પામી હતી અને હુંફાળુ વાતાવરણ રહ્યું હતું.

# રાજકોટના ગાયકવાડીમાંથી સોનાના ચેઈનની ચિલઝડપ કરનાર બંટી-બબલી ઝબ્બે

## ક્રાઈમ બ્રાન્ચે બંનેને દબોચી રૂ.૧.૮૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ. રાજકોટ ગાયકવાડી વિસ્તારની પરિણીતાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ કરનાર બંટી-બબલીને દબોચી ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. નશા માટે પૈસા કાઢવા ગુનાખોરીના રવાડે ચડ્યાનું પોલિસની તપાસમાં સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગર મુજબ, ગઇ તા.૨૯ જાન્યુઆરીના સાંજના સાત વાગ્યા આસપાસ ગાયકવાડી શેરી નં.-૨ માં રહેતા ૨૫ વર્ષીય પરીણીતા ભાગશ્રીબેન અરૂણભાઈ મોરપાણી પુત્રને ટ્યુશનમાંથી લઈ પગપાળા ચાલી ઘરે પરત ફરતા હતા. દરમિયાન બાઈક પર ધસી આવેલી સમડી બેલડી તેમના ગળામાંથી એક લાખની કિંમતનો આઠ ગ્રામનો સોનાનો ચેન ઝુંટવી ફરાર થઇ ગઈ હતી. શહેરમાં થયેલ અનડિટેક્ટ વાહન ચોરી, ચીલઝડપ, લૂંટ







સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવાની ઉચ્ચ પોલિસ અધિકારીઓની સૂચના અનુસંધાને પીએસઆઇ વી ડી ડોડીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, જયરાજસિંહ કોટીલા, રાજેશભાઈ જળું અને દીપકભાઈ ચૌહાણને મળેલી હકીકતના આધારે ગાયકવાડી વિસ્તારમાંથી સપ્તાહ પૂર્વે સોનાના ચેનની ચીલ ઝડપ કરનાર વાહીદ સલીમભાઈ શેખ (ઉવ ૨૧ રહે. ભગવતી સોસાયટી શેરી નં.-૨, દૂધસાગર રોડ) અને જામનગરની એક સગીરાને જામનગર રોડ પર આવેલ પથિકાશ્રમ પાસેથી દબોચી લઈ સોનાનો ચેઈન, પેન્ડલ, એક્ટિવા સહીત રૂ. ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલી બંટી-બબલીની જોડીએ જામનગરના અંબર ચોકડી નજીકથી એકટીવા મોટર સાયકલની ચોરીને અંજામ આપ્યો હતો. જે ગુનાનો ભેદ પણ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉકેલ્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આશરે પાંચેક મહિના પૂર્વે વાહીદ શેખનો ઈન્સ્ટાગ્રામ મારફત જામનગરની સગીરા સાથે સંપર્ક થયો હતો. બાદમાં બંને નશાના રવાડે ચડ્યા હોય નશાના પૈસા માટે તેઓ ચોરી, ચિલઝડપ સહિતના ગુનાને અંજામ આપતા હતા. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમેં બંનેને પકડી લેવામાં સફળતા મેળવી હતી.

# ગોંડલમાં કાપડની દુકાનમાં કામ કરતાં બે કર્મચારીએ જ ચોરી કરી હતી : ભેદ ઉકેલાયો

રાજકોટ, ગોંડલમાં કાપડની દુકાનમાં નોકરી કરતા બે શખ્સો દુકાનમાંથી ૪ કાપડના જથ્થાની બારોબાર ચોરી કરતા પોલીસે રંગેહાથ બંનેને પકડી પાડી ચોરીનો ભેદ ઉકેલાયો હતો

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ સાહેબ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર એ ચોરી-લુંટના બનતા બનાવો અટકાવવા પેટ્રોલીંગ તથા નાઇટ રાઉન્ડ કરવા સુચનાઓ કરેલ હોય, જે અન્વયે ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી. ઝાલાના માર્ગદર્શન તથા સૂચના અન્વયે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એલ.આર ગોહિલ તથા

પો.સબ ઈન્સ. એસ.આર. પંડયા પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન ગોંડલ નાની બજાર, આર્થી શેરીમાં આવતા બે માણસો વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાન માંથી બહાર શેરીમાં પડેલ અલ્ટો કારમા કાપડના તાકા ભરતા હોય જેથી



બંને માણસો શંકાસ્પદ લાગતા તેઓની હાજરી બાબતે અને આ કાપડના તાકાઓ બાબતે પુછતા કરતા ફર્યુ ફર્યુ બોલી કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય જેથી સદરહુ દુકાન માલીકનો તાત્કાલીક ફોન દ્વારા સંપર્ક કરી તેઓને આ અંગે પુછતા તેઓને આ બાબતે કોઇ જાણકારી ન હોવાનું જણાવતા હોય તેમજ હાજર રહેલ બંને માણસો પોતાની દુકાનમા કામ કરતા હોવાનું જણાવેલ જેથી બન્ને ઇસમોએ દુકાન માલીકની જાણ બહાર દુકાન માંથી કાપડના તાકાઓની ચોરી કરતા હોવાનું જણાતા બંને ઇસમો પાસેથી કાપડના કુલ તાકા નંગ-૨૫ તથા કાપડની જોડીઓ નંગ-૭૭ કુલ કિ.રૂ.૨,૩૨,૭૩૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂ.૩,૯૩,૯૬૦/- મુદ્દામાલ સાથે બંને ઈસમોને ચોરી કરતા સમયે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ.

ગોંડલ પોલીસે ચોરાઉ કાપડના તાકાઓ તથા અલગ અલગ કલરની કપડાઓની જોડીઓના કાપડો કિ.રૂ. ૯.૦૧.૫૮૦ ૭૫-એક અલ્ટો ફોરવ્હીલ કાર રજી. જીજે ૨૫-એ૧૫૩૪ જેની કિ. રૂ.૧.૫૦,૦૦૦/- ડુપ્લીકેટ ચાવીઓ નંગ-૩ કી.રૂ.૧૫૦/- મળી કુલ ૧૦.૬૨ લાખનો મુદામાલ કબજે કરી.

# પોરબંદરના મોકર ગામે બી.કોમ.ની ડિગ્રી ધરાવતો બોગસ ડોકટર ઝડપાયો

પોરબંદર,પોરબંદર નજીકના મોકર ગામે બી.કોમ.ની ડિગ્રી ધરાવનાર બોગસ ડોકટરને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીના આધારે રૂ.૨૭,૭૨૨ના દવા, ઈન્જેકશન, કેપ્સૂલ સહિત મુદ્દામાલ સાથે પકડી પાડયો છે.પોરબંદર એસઓજી સ્ટાફે બાતમીના મળી હતી કે, મોકર ગામમાં પ્લોટ વિસ્તારમાં કેતન ગંગારામ નેનુજી (ઉ.વ.૫૧) રહે. કડીયાપ્લોટ શેરી નં.૭, રામદેવપીરના મંદિર પાસે પોરબંદરવાળો કોઈ પ્રકારની લાયકાત વગર ડોકટર તરીકે પ્રેકટીસ કરી દવાઓ આપે છે. જેથી તેના કબ્જામાંથી અલગ-અલગ પ્રકારની કેપ્સૂલ તથા ઈન્જેકશનો, દવાઓ વગેરે તથા મેડિકલ તપાસણીના સાધનો, રોકડા રૂપિયા મળી કુલ રૂ.૨૭,૭૨૨ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો છે. પંથકમાં રોગચાળાને લીધે લોકો નાની મોટી બીમારીનો ભોગ બનતા હોવાથી દવા લેવા માટે આવતા હતા. તેથી તેનો ધંધો ધમધોકાર ચાલતો હોવાનું સામે આવ્યુ છે. પોલીસે દરોડો પાડયો ત્યારે ટેબલ ઉપર મેડિકલ અને દવાના સાધનો મળી આવ્યા હતા તથા તેની પૂછપરછ કરતા તેની પાસે મેડિકલ પ્રેકટીસ માટેની ડોકટરેટની કોઈ જ ડીગ્રી નથી અને બેચલર ઓફ કોમર્સની ડીગ્રી હોવાનું કબુલ્યું હતુ.